**આજનો સુવિચાર**

જિંદગીમાં ક્યારેય હાર નહીં માનવાની, શું ખબર સફળતા તમારા છેલ્લા પ્રયત્નોની રાહ જોતી હોય !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૦ જૂનાગઢ તા.૦૨-૧૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 300, Junagadh : Date : 02 December, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કિસાન મોરચા દ્વારા આજે દિલ્હી કુચ-સંસદ ઘેરાવનો કાર્યક્રમ : ઠેર-ઠેર ચક્કાજામ


નવી દિલ્હી, તા.૨: યુનાઈટેડ કિસાન મોરચાના નેજા હેઠળ આજે હજારો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. ગઈકાલે ખેડૂતો અને વહીવટીતંત્ર વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. ખેડૂતો લાંબા સમયથી નોઈડાના ત્રણેય ઓથોરિટીને ઘેરાવ કરતા રહ્યા છે. રવિવારે જ્યારે ખેડુતોની માંગણીઓ પર કોઈ સહમતિ ન બની ત્યારે તેમણે ‘દિલ્લી ચલો’ના નારા લગાવ્યા હતા. ખેડૂતો હવે સંસદનો ઘેરાવ કરવા માંગે છે. આંદોલનકારી ખેડૂત સંગઠનો જમીન સંપાદનથી પ્રભાવિત ખેડૂતોને ૧૦ ટકા વિકસિત પ્લોટ અને નવા જમીન સંપાદન કાયદાનો લાભ આપવાની માંગ કરી રહ્યા છે.

હજારો ખેડૂતો આજે તેમની માંગણીઓને લઈને દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. જેના કારણે નોઈડાથી દિલ્હી સુધીના રસ્તાઓ પર લાંબો ટ્રાફિક જામ જોવા મળી રહયો છે. ગત ૨૭ નવેમ્બરથી ખેડૂતોએ ગ્રેટર નોઈડા ઓથોરિટી ખાતે વિરોધ અને પ્રદર્શન કર્યા અને ત્યાર બાદ ૨૮ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી યમુના ઓથોરિટી ખાતે, હવે આંદોલનના ત્રીજા અને અંતિમ તબક્કામાં એટલે કે આજે ૨જી ડિસેમ્બરના રોજ તેઓ દિલ્હી તરફ કૂચ કરી છે. તેના માટે વિરોધ કરી રહેલા ખેડૂતો બપોરે ૧૨ વાગ્યાથી સૌથી પહેલા મહામાયા ફ્લાયઓવર પાસે એકઠા થવાનું શરૂ કરશે અને ટ્રેક્ટરમાં દિલ્હી તરફ કૂચ કરશે. ખેડૂતોને રોકવા માટે પોલીસે દિલ્હીની સરહદો પર અવરોધો ઉભા કર્યા છે. દિલ્હી પોલીસ અને ગૌતમ બુદ્ધ નગર પોલીસ તપાસ કરી રહી છે. ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા રોકવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અનેક માર્ગો ડાયવર્ટ કરવામાં આવ્યા છે.



ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, અલીગઢ, આગ્રા સહિત યુપીના ઘણા જિલ્લાના ખેડૂતો દિલ્હી માર્ચમાં જોડાઈ રહ્યા છે. કહેવામાં આવી રહયું છે કે તેમાં ૪૦ થી ૪૫ હજાર ખેડૂતો ભાગ લઈ શકે છે. આ દિલ્હી કૂચ ૧૪ ખેડૂત સંગઠનો દ્વારા યોજવામાં આવી રહી છે.

## ૧૦ વર્ષના ક્રિશ અરોરાનો આઈક્યુ આઈન્સ્ટાઈન કરતા પણ વધુ : વિશ્વ ચકીત



લંડન, તા.૨: સેન્ટ લંડનના ૧૦ વર્ષના ક્રિશ અરોરાએ તેના ૧૬૨ આઈક્યુથી દુનિયાને ચોંકાવી દીધી છે. જે મહાન વ્યક્તિત્વો આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગના અંદાજિત આઈક્યુ ૧૬૦ કરતા વધારે છે. નાનપણથી જ, ક્રિશે અસાધારણ ક્ષમતાઓ દર્શાવી હતી, જેમ કે ચાર વર્ષની ઉંમરે મુશ્કેલી વિના વાંચવામાં સક્ષમ બનવું અને જટિલ ગાણિતિક સમસ્યાઓને પળવારમાં ઉકેલી લેવી. ક્રિશના માતા-પિતા મૌલી અને નિશાલ બંને એન્જિનિયરિંગ બેકગ્રાઉન્ડમાંથી આવે છે. તેઓ કહે છે કે ક્રિશ માત્ર ગણિત અને ચેસમાં જ નિપુણ નથી, પરંતુ તે લગભગ દરેક ક્ષેત્રમાં અસાધારણ પ્રદર્શન કરે છે અને ઘણીવાર તેમને આશ્ચર્યચકિત કરે છે.

## ઘોરકળિયુગ : પિતા-પુત્રીએ લગ્ન કરી લીધા !



નવી દિલ્હી, તા.૨: જો તમે કોઈને પૂછો કે આ દુનિયાનો પવિત્ર સંબંધ કયો છે, તો કોઈ માતાપિતા, પિતા-પુત્રી, ભાઈ-બહેન, મા-દીકરી, મા-દીકરી એવા સંબંધોના નામ લેશે. પરંતુ અનેકવાર સંબંધોમાં એવી શરમજનક બાબતો બનતી હોય છે, જેને સાંભળીને કાળજુ કંપી જાય ! લોહીના સંબંધોમાં પણ આબરુ લૂંટાતી થઈ છે. ત્યારે એક વીડિયો સામે આવ્યો છે, જે ભલભલાને ચોંકાવી દે તેવો છે. આ વીડિયો જોઈને તમે કહેશો કે ઘોર કળિયુગ આવ્યો છે ભાઈ. વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં એક યુવતી અને એક આધેડ ઉંમરનો શખ્સ નજર આવી રહ્યો છે. જેઓ દાવો કરી રહ્યા છે કે તેઓએ લગ્ન કરી લીધા છે અને સંબંધે તેઓ પિતા-પુત્રી છે.

### સીપીએમના સાંસદ જોન બ્રિટાશે મહારાષ્ટ્રમાં મતદાનની ટકાવારીમાં ચેડા થયા હોવા બાબતે ચૂંટણીપંચને પત્ર લખ્યો

## મહારાષ્ટ્રની ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા પછી અચાનક ૭૬ લાખ મત કેવી રીતે પડયા ?

મુંબઈ, તા.૨: સાંજે ૫ વાગ્યા પછી EVM સાથે છેડછાડ અને મતદાનની ટકાવારીમાં વધારો થવાના આરોપોને લઈને મહારાષ્ટ્રમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. સીપીઆઈએમના રાજ્યસભાના સભ્ય જોન બ્રિટાસે મહારાષ્ટ્રમાં મતદાનની ટકાવારીમાં ચેડાં અંગે ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો. અગાઉ કોંગ્રેસે પણ આ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને ચૂંટણી પંચનો સંપર્ક કર્યો હતો. બે દિવસ પછી બ્રિટાસનો પત્ર સામે આવ્યો છે પત્રમાં બ્રિટાસે મતદાનના આંકડામાં ચેડાં કરવાનો આરોપ લગાવ્યો છે.

બ્રિટાસે જણાવ્યું હતું કે ડેટા દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં સાંજે ૫ વાગ્યે ૫૮.૨૨ ટકા મતદાન નોંધાયું હતું અને સાંજે ૫ વાગ્યે કતારમાં ઉભેલા મતદારોનો સમાવેશ કર્યા પછી, ૧૧:૩૦ વાગ્યા સુધીમાં આ આંકડો વધીને ૬૫.૦૨ ટકા થયો હતો. મતગણતરી શરૂ થયાના કલાકો પહેલાં, મતદાનની ટકાવારી ૬૬.૦૫ નોંધાઈ હતી, જે ૭.૮૩ ટકાનો વધારો દર્શાવે છે અને આશરે ૭૬ લાખ વધારાના મતોની સમકક્ષ છે.

તેમણે વધુમાં કહ્યું કે ઝારખંડ ચૂંટણીના આંકડા દર્શાવે છે કે બે તબક્કામાં ૧.૭૯ અને ૦.૮૬ ટકાનો ખૂબ જ નાનો વધારો થયો છે. બ્રિટાસે કહ્યું કે મહારાષ્ટ્ર અને હરિયાણા જેવા રાજયોમાં, જયાં ચૂંટણી પછી આંકડામાં વધારો થયો હતો, ત્યાં એનડીએની જીત થઈ, જયારે ઝારખંડ વિધાનસભાની ચૂંટણી અને ઉત્તર -દેશની લોકસભા ચૂંટણીમાં, જયાં આવો કોઈ વધારો થયો ન હતો, ત્યાં વિપક્ષોએ સારું પ્રદર્શન કર્યું. બ્રિટાસે આ સમગ્ર મામલે ચૂંટણી પંચ પાસેથી તાત્કાલિક સ્પષ્ટતાની માંગ કરી છે.

## શરદપવારની પાર્ટીના હારેલા ઉમેદવારે ઈવીએમ ટેસ્ટીંગ માટે અરજી કરી

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવી ગયા છે. શાસક મહાયુતિએ ભવ્ય જીત મેળવી છે ત્યારે વિપક્ષનું માનવું છે કે શાસક યુતિએ તેમાં ઘણી ઘાલમેલ કરી છે. તેમણે હારનો ટોપલો EVM પર ઢોળ્યો છે. આટલું ઓછું હોય તેમ રાજ્યભરના ઘણા ઉમેદવારોએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં માઈક્રોકન્ટ્રોલર્સની ચકાસણી માટે અરજીઓ પણ દાખલ કરી છે. પુણેના ૨૧ મતવિસ્તારોમાંથી, ૧૧ ઉમેદવારોએ અધિકૃત રીતે ચૂંટણી પંચને માઈક્રોકન્ટ્રોલરની પુનઃ ચકાસણી કરવા વિનંતી કરી છે. શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના બારામતીના ઉમેદવાર યુગેન્દ્ર પવારે ૧૯ EVMના માઈક્રોકધટ્રોલર્સની ચકાસણી કરવા માટે જિલ્લા વહીવટીતંત્રને અરજી કરી છે અને આ પ્રક્રિયા માટે રૂા.૮.૯૬ લાખ ચૂકવ્યા છે.

## મહારાષ્ટ્રમાં ઈવીએમ હેકીંગનો દાવો કરનાર વ્યક્તિ સામે ચૂંટણીપંચે એફઆઈઆર દાખલ કરી

મુંબઈ,તા.૨

ચૂંટણી પંચે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) હેક કરવાનો દાવો કરનાર સૈયદ શુજા વિરુદ્ધ FIR દાખલ કરી છે. ૩૦ નવેમ્બરના રોજ, દક્ષિણ મુંબઈના સાયબર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને IT એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.૧૪ નવેમ્બરે સૈયદ શુજાનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તે દાવો કરી રહ્યો હતો કે, તે મહારાષ્ટ્ર ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતા EVM હેક કરી શકે છે. તેમણે નેતાઓને એવી ઓફર પણ કરી હતી કે જો તેઓ રૂા. ૫૩ કરોડ ચૂકવશે તો તેઓ ૬૩ બેઠકોના ઈવીએમ હેક કરી દેશે. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) એ કહ્યું કે EVM હેકિંગના દાવા તદ્દન પાયાવિહોણા, ખોટા અને સાબિત થયા વગરના છે. હેકર શુજાએ મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન ચૂંટણી જીતવા માટે નેતાઓને લાલચ આપી હતી.

## સંભલ હિંસા મામલે ખડગેના સવાલો : શું લાલ કિલ્લો, તાજમહેલ, કુત્તુબમિનારને પણ તોડી પાડશો?

નવી દિલ્હી, તા.૨: અયોધ્યાના રામ મંદિર-બાબરી મસ્જીદ વિવાદના નિરાકરણ બાદ, દેશની અનેક મસ્જીદોની જગ્યાએ પહેલા મંદિર હોવાના દાવા થઈ રહ્યા છે. જેને કારણે જેતે વિસ્તારમાં કોમી તાણાવની સ્થિતિ પેદા થઈ રહી છે, તાજેતરમાં ઉત્તર પ્રદેશના સંભલની જામા મસ્જીદમાં સર્વે બાબતે હિંસા થઈ હતી. એવામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે ભારતીય જનતા પાર્ટીના ઈરાદાઓ પર સવાલ ઉઠાવ્યા છે.

મલ્લિકાર્જુન ખડગેએ એક કાર્યક્રમ દરમિયાન ભાજપના ટોચના નેતૃત્વ પર નિશાન સાધ્યું. ખડગેએ આરોપ લગાવ્યો કે ભાજપ દેશની મસ્જિદોમાં સર્વે કરાવીને સમાજમાં ભાગલા પાડવાનો પ્રયાસ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે આવું કરીને ભાજપ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના વડા મોહન ભાગવત જે કહી રહ્યા છે તેનાથી ઉલટું જ કરી રહી છે.

દિલ્હીના રામલીલા મેદાન ખાતે દલિતો, લઘુમતીઓ, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના સંગઠન દ્વારા આયોજિત રેલીને સંબોધતા ખડગેએ વડાપ્રધાન મોદી પર આવા સર્વેની મંજૂરી આપીને લોકોને એક થવા ન દેવાનો આરોપ લગાવ્યો હતો.

### આજે પણ સંસદના બંને ગૃહોમાં ભારે ધમાલ

## વડાપ્રધાન મોદી આજે સંસદ ભવનમાં સાબરમતી રીપોર્ટ ફિલ્મ જોશે

નવી દિલ્હી તા.૦૨ આજે લોકસભામાં સવારે ૧૧ વાગે કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો શરૂ કરી દીધો હતો. વિપક્ષના નેતાઓએ વી વોન્ટ જસ્ટિસના નારા લગાવ્યા હતા. પાંચ મિનિટ સુધી ગૃહની કાર્યવાહી ચાલુ રહ્યા બાદ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે ૪ વાગ્યે સંસદના બાલયોગી ઓડિટોરિયમમાં ફિલ્મ ’સાબરમતી રિપોર્ટ’ જોશે. વિક્રાંત મેસીની ફિલ્મ ધ સાબરમતી રિપોર્ટ ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ગોધરાકાંડ અને ત્યારબાદના ગુજરાતના રમખાણો પર આધારિત છે.

### કેનેડાની સરકારે સ્ટુડન્ટની પરમીટમાં ફેરફાર કર્યો

## લાખો ભારતીય વિદ્યાર્થીઓને કેનેડા છોડવાની ફરજ પડશે

નવી દિલ્હી તા.૨ કેનેડામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓના ભાવિ પર સંકટનાં વાદળો ઘેરાઈ ગયા છે. એવા લગભગ ૭ લાખ વિદેશી વિદ્યાર્થીઓ છે જેમને આવતા વર્ષે કેનેડા છોડવું પડી શકે છે. કારણ છે કે જેમની વર્ક પરમિટ પૂરી થઈ રહી છે તેવા વિદ્યાર્થીઓમાં ચિંતાની રેખાઓ ખેંચાઈ રહી છે.


કેનેડા સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની પરમિટની સંખ્યામાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ૨૦૨૪માં સ્ટુડન્ટ પરમિટમાં ૩૫%નો ઘટાડો કરવામાં આવશે અને ૨૦૨૫માં વધુ ૧૦%નો ઘટાડો કરવાનો લક્ષ્યાંક છે. આ પોલિસી ફેરફારોનો હેતુ વિદ્યાર્થીઓનું ભણવા આવવાનું અને તેમને રહેણાક પૂરું પાડવાના પડકારો વચ્ચે બેલેન્સ જાળવવાનો છે.


**જૂનાગઢ ઓફિસ માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે**

ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ.
(ઉ.વ.૨૨ થી ૩૨)
**સેલેરી : ૭૦૦૦ થી ૧૦,૦૦૦**
**સમય : સવારે ૧૦:૦૦ થી ૦૫:૦૦**
નોંધ : પાસપોર્ટ સાઈઝ ફોટો, રીઝયુમ અથવા બાયોડેટા નીચેના નંબર પર વોટસએપ કરી આપવા.
જૂનાગઢ
રૂબરૂ મળવાનો સમય મંગળવારે સવારે ૧૧ થી ૬
**+91 95108 22841**

હાર્દિક શુભેચ્છા...
**શ્રીજી બેબીકેર** હવે, નવી જગ્યાએ
બાળકોની હોસ્પિટલ
ડો. વિપુલ બી. ઉસદડીયા M.B. D.C.H. (Ped) નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ડો. જયચંદ્ર એન. રતનપરા M. D. (Ped) Goldmedilist નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
૦ થી ૧૮ વર્ષનાં બાળકોની સંપૂર્ણ સારવાર (૨૪ કલાક ઈમરજન્સી) તથા રસીકરણ કેન્દ્ર ● વિશાળ વેઈટીંગ ઓપીડી વિભાગ A.C. ● જનરલ, સેમી સ્પેશીયલ અને સ્પેશીયલ A.C. રૂમની સુવિધા સાથેનો દાખલ વિભાગ
આયુષ્માન ભારત PMJAY યોજના હેઠળ અધુરા મહિને જન્મેલ ૧.૫ કિલોથી ઓછા વજનનાં તેમજ જન્મ સમયે મળ પી ગયેલ, જન્મ સમયે બાળ સાદ ન આપેલ, લોહીમાં ચેપ, મગજમાં ચેપ, શ્વાસ લેવામાં તકલીફ અથવા સુગર ઘટી ગયેલ બાળકની સંપૂર્ણ મફત સારવાર (દવા અને લોહીના રીપોર્ટ સાથે)
સરનામું : અક્ષર આઈકોન, ત્રીજો માળ, ગંગા પાર્ક, કે.જે. હોસ્પિટલની બાજુમાં ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ માટે : (૦૨૮૫) ૨૬૩૬૧૦૮/ ૨૬૩૧૧૧૦ ૯૦૩૩૫ ૩૬૧૦૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
**ડો. હસમુખ કોરાટ** M.Com.
પી.એચ.ડી.
મો. ૯૯૦૯૩ ૧૪૬૭૧ - જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ઠેસિયા મેટરનીટી એન્ડ ગાયનેક સર્જીકલ હોસ્પિટલ
**ડો. અતુલ બી. ઠેસિયા**
એમ.બી., ડી.જી.ઓ, (ગાયનેક)
પ્રસુતિ, સ્ત્રી રોકગ, વંધ્યત્વના નિષ્ણાંત
**ડો. સંગીતાબેન એ. ઠેસિયા**
બી.એ.એમ.એસ., એમ.ઈ.ટી.સી.
‘‘બાલાજી એવન્યુ’’, બીજા માળે, શુભમ રેસીડેન્સી, મોતીબાગ રોડ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૫૩૦૧, ૨૬૫૫૩૦૨
મો. ૯૬૮૭૯ ૩૩૮૧૮

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ : અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~


**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
**હરિ–કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.C.H.T.) (એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.


CMYK

# કેશોદમાં ઠગ ટોળકી સક્રીય : વેપારીની નજર ચુકવી ચોરીનાં વધતા બનાવ

કેશોદ તા.૨

છેલ્લા કેટલાક દિવસોથી સ્થનિક કેશોદની બઝારમાં તસ્કર ટોળકી ફરી રહી છે. આ ટોળકી કોઈપણ દુકાને અને ખાસ કરી અને જયાં જે તે વ્યાપારી પોતાની દુકાનમાં એકલા હોય ત્યારેજ આ ટોળકી જાય છે અને વ્યાપારીને કહે છે શેઠ માલબતાવોને શેઠ માલ બતાવવામાં રહે છે અને આ કહેવાતા ધરાક સાથે આવેલો બીજો માણસ શેઠની દુકાનમાં રહેલા ટેબલમાં થી રૂપિયા ઊપાડવાનું કામ કરે છે.

તાજેતરમાં આવા બે કિસ્સા બન્યા હોવાનું બહાર આવેલ છે. જોકે આ બાબતથી કોઈપોલીસ ફરિયાદ થયેલ નથી જેને વ્યાપારોની સતર્કતાના કારણે તેની રકમ બચી ગયેલ છે. પરંતુ બંને કિસ્સા બન્યા છે. એ હકીકત છે.

પહેલા બનાવ બન્યો હતો એક વ્યાપારીની દુકાને આ દુકાનમાં જે તે વ્યાપારી સહિત બે માણસો કામ કરે છે. બપોરના સમયે દુકાનનો માણસ જમવા ગયો હતો. અને ત્યારે બે વ્યકિત આવી હતી એક વ્યકિતએ આવી કહ્યું શેડ સિમેન્ટ બતાવોને તો શેઠ પોતાની દુકાનમાં પડેલી સિમેન્ટ આ વ્યકિતને બતાવવા માટે પોતાની બેઠક ઉપરથી ઉભા થઈ સિમેન્ટની થેલી પડી હતી ત્યાં જઈ આ વ્યકિતને ભાવ-તાલ કવોલીટી વિગેરે અંગે સમજાવવા લાગ્યા તો તેની સાથે આવી નજીકની ખુરશી ઉપર બેઠેલી વ્યકિતએ દુકાનના ટેબલનું ખાનુ ખોલી અંદર રહેલી વ્યાપારની રકમ ઊપાડીલઈ ટેબલનું ખાનુ બધ કરી દીધું

દરમ્યાન આ દુકાનમાં કામ કરતો માણસ બરાબર એજ સમયે આવ્યો તેણે આ દશ્ય બરાબર જોયુ જેથી કોઈ પૂછયાસિવાય ટેબલમાંથી રકમ ઊપાડનાર તસ્કર ઉપર તૂટીજ પડયો અને તસ્કરના હાથમાં રહેલી રકમ ઉપાડનાર તસ્કર ઉપર તૂટી જ પડયો અને તસ્કરના હાથમાં રહેલી રકમ નીચે પડી ગઈ આમ થતા બંને તસ્કરો કાંઈ જોયા પૂછયા કે સાંભળ્યા સિવાય ભાગી ગયા.

આવી જ બીજી હકીકત છે અંડરવેર વહેચતા એક વ્યાપારીની આ વ્યાપારીની દુકાનમાં કોઈ પગારદાર માણસ નથી પરંતુ પતિ-પત્ની બેજ પોતાનો આ બીઝનેશ ચલાવે છે. આ દુકાને પણ બરાબર બપોરના સમયે ત્રણ વ્યકતી ગઈ હતી. એક ગંન્જી બતાવવાની વાત કરી અને પોતા ને લેવાજ છે તેમ કહી ૫૦૦ રૂા. ની નોટ એડવાન્સમાં આપી દીધી. પછી દુકાનમાં એકલાજ રહેલા બહેન પોતાની બેઠક ઉપરથી ઉભા થઈ સામેના ટેબલ ઉપર ગયા અને દુકાનના ધોડામાં રહેલા ગંન્જીનું બોકસ કાઢી બતાવવા લાગ્યા અને ત્યારે જેણે ૫૦૦ રૂા. એડવાન્સ આપેલ હતા તે આ દુકાનના વેપારની રકમ જે ખાનમાં રાખવામાં આવતી હતી ત્યાં ઊભો રહ્યો હતો તેને ઝડપથી રોકડ રકમવાળાખાના તરફ પોતાનો હાથ લંબાવ્યો અને કુદરતી આ બહેનની નજર તેના તરફ ખેચાણી તેણે તુરત જ આ તસ્કરોનો ઈરાદો પારખી લીધો અને ઉગ્ર થઈ આ ત્રણેને તેના ૫૦૦ રૂા. પરત આપી પોતાને માલ વહેચવો નથી તેમ કહી ત્રણેને રવાના કરી દીધા.

આમ ઉપરોકત બંને વ્યાપારીને રકમ આ તસ્કરોના હાથમાં જતા બચી ગઈ બંને વ્યાપારીઓ એ આ રંગેની પોલીસમાં કોઈ જાણવા જોગ સામાન્ય અરજી પણ આપેલી નથી પરંતુ આ બંને ઘટના બની છે એ નકકર હકિકત છે બપોરના સમયે દુકાનમાં ફકત એક જ વ્યકિત હોય અને ખાસ કાંઈ ધરાકીનો સમય ના હોય ત્યારેજ આવા લોકો પોતાનો શિકાર શોધે છે તે આ બંને હકિકત ઉપરથી ફલિત થાય છે.

# જૂનાગઢમાં પેટ્રોલ પંપની રૂા.૩૦.૪૭ લાખની ઉચાપત પ્રકરણમાં મેનેજરને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ ઉપર એલસીબી ઓફિસની સામે આવેલ કિરીટ ફયુલ્સ પેટ્રોલ પંપનાં મેનેજર રિઝવાન ઓસમાણ કુરેશી સામે થયેલી રૂપિયા ૩૦.૪૭ લાખની ઉચાપતની ફરિયાદમાં પોલીસે આરોપી મેનેજરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. મેનેજરે તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૨ થી તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં પેટ્રોલ ડીઝલના રીડિંગ ઓછા બતાવી વેચાણમાં તફાવત ઉભો કર્યો હતો. તેમજ અને ખોટા હિસાબો ઉભા કરી પેટ્રોલ પંપના રૂપિયા ૩૫,૫૨,૦૩૭ પોતાના વપરાશ માટે લઈ ઉચાપત કરી હતી. ઉચાપત પકડાતા તેમાંથી રૂપિયા ૫,૦૪,૫૦૦ ચુકવી આપી બાકીની રૂપિયા ૩૦,૪૭,૫૩૭ની ઉચાપત કર્યાની ફરિયાદ પેટ્રોલ પંપ માલિક વિરમભાઈ નંદાણીયાએ નોંધાવતાની સાથે જ બી-ડિવિઝન પીએસઆઈ એચ. ડી. પરમારે મેનેજરની ધરપકડ કરી હતી. અને રવિવારે ૭ દિવસનાં રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરતાં અદાલતે સોમવાર સાંજ સુધીના રિમાન્ડ આપ્યા હતા. જેના પગલે આરોપીની વધુ પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે તપાસનીશ પીએસઆઈ એચ.ડી. પરમાર પેટ્રોલ પંપનાં રૂપિયા ૩૦,૪૭,૫૩૭ની ઉચાપતના ગુનામાં આરોપી મેનેજર રિઝવાન ઓસમાણ કુરેશીની ધરપકડ બાદ તેને સોમવાર સાંજ સુધીના રિમાન્ડ ઉપર મેળવવામાં આવેલ છે. હાલ જુદા જુદા એન્ગલથી પૂછપરછ કરવામાં આવી રહી છે પરંતુ આરોપી પોતાના વપરાશ માટે પેટ્રોલ પંપમાંથી ઉચાપત કર્યાનું રટણ કરી રહ્યો છે.

# ઉર્જા મંત્રીના ઘરે સ્માર્ટ મીટર લગાવી પ્રજાને સંદેશ આપ્યો : જીઈબી એન્જિનિયર એસોસીએશનના સેક્રેટરી જનરલ એચ.જી. વઘાસિયા દ્વારા તમામ મેમ્બરોને મીટર પોતાના ઘરે લગાવવાની પહેલ કરવાની અપીલ કરી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

આપણે સૌ પાવર સેક્ટરમાં કામગીરી કરી રહ્યા છીએ અને આપણે એ પણ જાણીએ છીએ કે ગુજરાત સરકારના વીજ વિભાગ(GUVNL) દ્વારા દરેક કન્ઝ્યુમર પ્રિમાઈસીસમાં જુના static અથવા તો ઈલેકટ્રોમેગ્નેટિક પ્રકારના મીટર રિપ્લેસ કરીને તેની જગ્યાએ સ્માર્ટ મીટર લગાવવા માટેની કામગીરી ઉર્જા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી હતી પરંતુ અમુક લોકો દ્વારા એવી અફવા ફેલાવેલી કે સ્માર્ટ મીટરથી વધુ બીલો આવે છે તથા અન્ય ગેરસમજ ઊભી કરીને સામાન્ય પ્રજાના માનસમાં સ્માર્ટ મીટર લગાડવા પ્રત્યે નફરત પેદા કરેલ છે, ત્યારે આપણે સૌ ઈજનેરો છીએ અને આપ સૌ પાવર સેક્ટરના સૈનિક છીએ અને આપણે સૌ જાણીએ છીએ કે સ્માર્ટ મીટરમાં કોઈ એવું પ્રોવિઝન નથી કે બિલ વધારે આવે અને આ સ્માર્ટ મીટર રિપ્લેસનો કાર્યક્રમ ફરીથી શરૂ થાય એને ધ્યાનમાં રાખીને આજ રોજ આપણા ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ પોતાના નિવાસ્થાને સ્માર્ટ મીટર લગાવેલ છે. ત્યારે આપણા સૌની નૈતિક ફરજ બને છે કે આપણે સૌએ આપણા ઘરે સ્માર્ટ મીટર લગાડવા માટે પહેલ કરવી જોઈએ કે જેથી લોકોમાં વિશ્વાસ પેદા થશે અને નવા સ્માર્ટ મીટર લગાવવાના અભિયાનને વેગ મળશે તો આપણા જીઈબી એન્જિનિયર એસોસિએશનના તમામ સભ્યો તથા આપણા મિત્રો, પરિવારજનો તથા સગાવાલાને ત્યાં સ્માર્ટ મીટર લગાડવા માટે વીજ કર્મચારીઓ તથા અધિકારીઓને આવે ત્યારે સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

## વંથલીનાં ટીનમસ ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨

વંથલી પોલીસે ટીનમસ ગામે મધુવંતી નદીના કાંઠે જાહેરમાં જુગાર રમતા ઈસુબ સીડા, વિપુલ ઘોયલ, હનીફ સીડા, શાંતીલાલ ખાવડીયા અને સલીમ શેખને રોકડા રૂા. ૧૦૩૦૦, મોબાઈલ-૫, મોટર સાયકલ-૫ મળી કુલ રૂા. ૧૬૧૩૦૦નાં મુદામાલ સાથે વંથલી પોલીસે ઝડપી લીધેલ છે.

# તરણ ઈશ્વરીય દેન સૌ ખેલાડીઓ ભારત વતી ઓલમ્પિકમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરી દેશનું ગૌરવ વધારે તેવી શુભકામના : સાંસદ પરષોત્તમ રૂપાલા

## રાજકોટ ખાતે ૬૮મી શાળાકીય રાષ્ટ્રીય તરણ સ્પર્ધા સંપન્ન - સાંસદના હસ્તે ચેમ્પયનશીપ ટ્રોફી વિતરણ

## મહારાષ્ટ્ર ૨૨ ગોલ્ડ સહીત ૫૫ મેડલ સાથે અવ્વલ, અન્ડર -૧૭ બોયઝ, ગર્લ્સ અને ડાઈવિંગમાં ચેમ્પિયન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨





તરણ ઈશ્વરીય દેન સૌ આગામી સમયમાં ગુજરાત અને ભારત ઓલમ્પિક ગેમ્સ માટે તૈયારી કરી રહ્યું છે, ત્યારે ખેલાડીઓ ભારત વતી ઓલમ્પિકમાં ભાગ લઈ વધુ ઉત્કૃષ્ઠ દેખાવ કરી દેશનું ગૌરવ વધારે, રમત ગમત ક્ષેત્રે આજે ભારત વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યું છે અને ભારતીય ખેલાડીઓનું ભવિષ્ય ખુબ જ ઉજ્જવળ છે. તેવી શુભકામના પાઠવી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા સાંસદ પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું.

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા સરદાર પટેલ સ્નાનાગર ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય તરણ સ્પર્ધા આજરોજ સંપન્ન થતા સાંસદ શ્રી પરષોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત કલોઝિંગ સેરેમની યોજાઈ હતી. જેમાં સાંસદના હસ્તે ચેમ્પયનશીપ ટ્રોફી વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તરવૈયાઓનો ઉત્સાહ વધારતા રૂપાલાએ દેશભરમાંથી આવેલા સ્પર્ધકોનું સરદાર, ગાંધી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જન્મભૂમિ એવા ગુજરાતમાં સ્વાગત અને અભિવાદન કરતા જણાવ્યું હતું કે, રમત ગમત ક્ષેત્રે આજે ભારત વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યું છે અને ભારતીય ખેલાડીઓનું ભવિષ્ય ખુબ જ ઉજ્જવળ છે.

આગામી સમયમાં ગુજરાત અને ભારત ઓલમ્પિક ગેમ્સ માટે તૈયારી કરી રહ્યું છે, ત્યારે સૌ ખેલાડીઓ ભારત વતી ઓલમ્પિકમાં ભાગ લઈ કરી દેશનું ગૌરવ વધારે તેવી શુભકામના સાંસદએ પાઠવી હતી. તેઓએ તરણને ઈશ્વરીય દેન ગણાવી તેને વધુ સારી રીતે નીખારવાનું આપણા હાથમાં હોવાનું કહી સ્પર્ધકોને વધુને વધુ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ આ ઈવેન્ટમાં સમગ્ર દેશમાંથી વિશાળ સંખ્યામાં આવેલા સ્પર્ધકોનું સ્વાગત કરી વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમજ વિજેતા સ્પર્ધકો ભારતનું નામ વિશ્વમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. રાજકોટ ખાતે તા. ૨૪ નવેમ્બરથી આયોજિત રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય તરણ સપર્ધામાં કુલ ૧૦ ઈવેન્ટ રમાઈ હતી. જેમાં મહારાષ્ટ્ર એ સૌથી વધુ ૨૨ ગોલ્ડ અને કુલ ૫૫ મેડલ સાથે પ્રથમ ક્રમ હાંસિલ કર્યો છે.

તેમજ અન્ડર -૧૭ બોયઝ, ગર્લ્સ અને ડાઈવિંગમાં મહારાષ્ટ્ર ટીમ ચેમ્પિયન બની છે. જયારે બીજા ક્રમે કર્ણાટક રાજયને ૧૯ ગોલ્ડ સહીત કુલ ૪૨ મેડલ અને ત્રીજા ક્રમે સી.બી.એસ.ઈ ગ્રુપને ૧૬ ગોલ્ડ સાથે કુલ ૩૧ મેડલ પ્રાપ્ત થયા છે. પોઈન્ટ મુજબ અન્ડર-૧૪ બોયઝમાં ૭૬ પોઈન્ટ સાથે મણિપુર, અન્ડર-૧૭ બોયઝમાં મહારાષ્ટ્ર ૧૦૮ પોઈન્ટ તેમજ અન્ડર-૧૯ બોયઝમાં ૧૨૨ પોઈન્ટ સાથે કર્ણાટક, જયારે અન્ડર -૧૪ ગર્લ્સમાં ૧૨૩ પોઈન્ટ સાથે સી.આઈ.એસ.સી.ઈ, અન્ડર-૧૭ ગર્લ્સમાં ૧૦૯ પોઈન્ટ સાથે મહારાષ્ટ્ર અને અન્ડર-૧૯ ગર્લ્સમાં ૧૨૬ પોઈન્ટ સાથે કર્ણાકટ તેમજ ડાઈવિંગમાં ૧૯૨ પોઈન્ટ સાથે મહારાષ્ટ્ર ચેમ્પિયન બન્યું છે.

# બ્રોકરેજે સુરક્ષા ડાયગ્નોસ્ટિક આઇપીઓ સબસ્ક્રાઇબ કરવાની ભલામણ કરી

## બજાજ બ્રોકિંગ, કેનેરા બેંક સિક્યુરિટીઝ, સુશીલ ફાઈનાન્સ, વેન્ચુરા, સેસ્કોએ આઈપીઓ સબસ્ક્રાઈબ કરવાની ભલામણ કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨

કેટલાંક અગ્રણી બ્રોકરેજની આઈપીઓ નોટ્સમાં સુરક્ષા ડાયગ્નોસ્ટિકના ૮૫૦ કરોડના આઈપીઓને સબસ્ક્રાઈબ કરવાની ભલામણ કરાઈ છે, જે મંગળવાર, ૦૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે. બજાજ બ્રોકિંગે તેના રિપોર્ટમાં કહ્યું છે કે સુરક્ષા ડાયગ્નોસ્ટિક આઈપીઓ રોકાણકારોને મજબૂત બજાર ઉપસ્થિતિ તથા અદ્યતન ડિજિટલ ક્ષમતાઓ ધરાવતી અગ્રણી ડાયગ્નોસ્ટિક ચેઈનની વૃદ્ધિમાં ભાગ લેવાની તક પ્રદાન કરે છે. તેની વ્યૂહાત્મક વિસ્તરણ યોજના અને મજબૂત ટેક્નોલોજી સાથે તે સંલગ્ન જોખમો છતાં લાંબાગાળાની સંભાવિતતાની ખાતરી આપે છે. કેનેરા બેંક સિક્યુરિટીઝના રિપોર્ટ મૂજબ સુરક્ષા ડાયગ્નોસ્ટિક લિમિટેડનું પોલીક્લિનિક મોડલ પીડિયાટ્રિક, ગાયનેકોલોજી અને ઈનફર્ટિલિટી ટેસ્ટિંગ જેવી વિશેષ સેવાઓ ઓફર કરે છે, જે તેને હેલ્થકેર ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી કંપની તરીકે સ્થાપિત કરે છે. તે વિસ્તરણ યોજના સાથે વૃદ્ધિ માટે સજ્જ છે, જે પૂર્વ ભારતમાં વંચિત પ્રદેશો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉચ્ચ-જોખમની ક્ષમતા ધરાવતા રોકાણકારો લાંબાગાળાના લાભો માટે ઈશ્યૂ સબસ્ક્રાઈબ કરી શકે છે. સુશીલ ફાઈનાન્સે તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે સુરક્ષા ડાયગ્નોસ્ટિકે પૂર્વ ભારતમાં ડાયગ્નોસ્ટિક સેક્ટરમાં મજબૂત પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે અને નવા કેન્દ્રોના પ્રારંભ સાથે કામગીરી વિસ્તારી રહી છે. તમામ પરિબળો, જોખમો, તકો અને મૂલ્યાંકનને જોતાં લાંબાગાળાની વ્યૂહરચના ધરાવતા તથા હેલ્થકેર સેક્ટરમાં એક્સપોઝર ઈચ્છતા રોકાણકારો ઈશ્યૂમાં રોકાણ કરી શકે છે. સુરક્ષા ડાયગ્નોસ્ટિક લિમિટેડે પ્રતિ ઈક્વિટી શેર રૂા.૪૪૧ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર ૧૬ એક્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂા.૨૫૪ કરોડ ઊભા કર્યાં છે. એક્કર બુકમાં પ્રતિષ્ઠિત રોકાણકારો જેમકે કાર્નેલિયન ભારત અમૃતકાળ ફંડ, સોસિયેટ જનરલ, ઈન્ટિગ્રેટેડ કોર સ્ટ્રેટેજીસ (એશિયા), ટ્રુ કેપિટલ, ટસ્ક ઈન્વેસ્ટમેન્ટ્સ તથા મ્યુચ્યુઅલ ફંડ્સ જેમકે આદિત્ય બિરલા સનલાઈફ એમએફ, બંધન એમએફ, જેએમ ફાઈનાન્સિયલ, કોટક એમએફ, મિરેઈ એસેટ એમએફ, નિપ્પોન એમએફ અને ક્વાન્ટ એમએફ વગેરે સામેલ છે. ક્રિસિલ રિપોર્ટ મૂજબ ભારતમાં ડાયગ્નોસ્ટિક સર્વિસિસ માર્કેટનું અંદાજિત કદ નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂા.૮૬,૦૦૦ કરોડ હતું અને તે નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં રૂા.૧૨૭,૫૦૦ કરોડના સ્તરે પહોંચવાનો અંદાજ છે. આ ઉપરાંત પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં માર્કેટનું કદ નાણાકીય વર્ષ ૨૦૨૪માં આશરે રૂા.૧૭,૦૦૦ કરોડ હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં આશરે ૧૦.૫ ટકાથી ૧૨.૫ ટકાના સીએજીઆર સાથે અંદાજે રૂા.૨૬,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

# દ્વારકા-પોરબંદર હાઈવે પર અકસ્માતે કારમાં આગ ભભુકી ઉઠી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨

દ્વારકા પોરબંદર હાઈવે ઉપર ગઈકાલે મોડી સાંજે દ્વારકાથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલ ધ્રેવાડ ગામ નજીક કાર સાથે નીલગાયની જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર થતાં કારમાં આગ ભભુકી ઉઠી હતી. આગ લાગવાની માહિતી ટોલ પ્લાઝાના કર્મચારીઓને મળતા,ટોલ પ્લાઝા મેનેજર પબુભા કજરા તથા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર અંદર સવાર તમામ લોકોને દ્વારકાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે તમામ સવાર લોકોને સામાન્ય રીતે પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે, ટોલ પ્લાઝાના કર્મચારીઓ દ્વારા અનેક વખત આવી ઘટનાઓમાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને ઘાયલલોકોને મદદ કરી છે.

# યુથ હોસ્ટેલ્સ એસો. ઓફ ઈન્ડીયાની જૂનાગઢનાં યુનીટનાં હોદેદારોની ચુંટણી ફરીથી યોજાશે

જૂનાગઢ તા. ૨

યુથ હોસ્ટેલ્સ એસો. ઓફ ઈન્ડીયા જૂનાગઢ યુનીટનાં તમામ બેમ્બર્સને જાણ કરવામાં આવે છે કે જૂનાગઢ યુનીટના હોદેદારોની ચુંટણી તા. ૨૮-૭-૨૪ના રોજ યોજાયેલ ચુંટણીની કાર્યવાહી યુથ હોસ્ટેલ્સ એસો. ઓફ ઈન્ડીયાનાં બંધારણ અને ચુંટણીના નિયમાનુસાર થયેલ નહી હોવાથી તે ચુંટણી યુથ હોસ્ટેલ્સ એસો. ઓફ ઈન્ડીયા, ગુજરાત રાજય શાખાની રાજય કારોબારી સમીતી દ્વારા રદબાતલ જાહેર કરી યુનીટની નવેસરથી ચુંટણી થાય ત્યાં સુધી જૂનાગઢ યુનીટનાં સામાન્ય કામકાજ માટે એક એડ-હોક કમીટીની રચના કરવામાં આવી છે. જેથી જૂનાગઢ યુનીટનાં મેમ્બર યુનીટને લગતા તેમનાં કોઈપણ કામ માટે મેમ્બરશીપ રીન્યુ કરવા માટે, નવી મેળવવા માટે કે અન્ય માહિતી માટે કમીટીનાં મેમ્બર પરેશભાઈ યાદ (૯૪૨૭૪ ૯૬૯૦૬)નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ-જેતપુર રોડ ઉપર મુકલી ટ્રોલી પાછળથી મોટર સાયકલ સાથે અથડાતાં ગંભીર ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨

જૂનાગઢ તાલુકાનાં કાથરોટાનાં કમલેશભાઈ અરજણભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૯)એ મીની ટ્રેકટર ટ્રોલી સાથેનાં ચાલક વડાલ ગામનાં કિશોરભાઈ પટોડીયા વિરૂધ્ધ તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીના પિતા તથા સાહેદ શાંતાબેન ગત તા. ૩૧-૧૦-૨૪નાં રોજ પોતાનું મોટર સાયકલ લઈ જૂનાગઢથી કાથરોટા આવતા હતાં તે દરમ્યાન તેઓ જૂનાગઢ જેતપુર રોડ મહીન્દ્રા શો રૂમની સામે રોડ ઉપર આવતા રોડની ડાબી સાઈડ આ કામના આરોપી કિશોરભાઈ પટોડીયા રહે. વડાલએ પોતાનાં હવાલાનું ખેતીનું કોઈ રજી નંબર વગયરનું મીની ટ્રેકટરની ટ્રોલી સાથે ગેરકાયદેસર રીતે રોડ ઉપર રાખી મુકી જતા રહી જે ટ્રોલીની પાછળ કોઈ વાહન રોકાઈ તેવી ચીજવસ્તુઓ કે રેડીયમ નિશાનો નહી મુકી ફરીયાદીનાં પિતાજીની મોટર સાયકલ પાછળથી ટ્રોલી સાથે અથડાઈ જતાં ફરીયાદીનાં પિતાને ડાબા પગમાં તથાન ડાબા હાથમાં ફ્રેકચર જેવી ઈજા કરી લોહી કાઢી તથા કપાળમાં લોહી કાઢી તથા સાહેદ શાંતાબેનને જમણા પગના થાપાનાં ભાગે કમરના ગોળાનું ફ્રેકચર કરી તથા છોલાળ ઈજા કર્યાનો ગુનો કરતાં જૂનાગઢ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# જેતપુર પુરૂષોત્તમ ધામ હવેલી અન્નકૂટ મહોત્સવ યોજાયો



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨

જેતપુર શ્રી પુરૂષોત્તમ ધામ હવેલી સુદામા નગર ગોવર્ધન પૂજા એવમ અન્નકૂટ મહોત્સવ તારીખ ૧-૧૨-૨૦૨૪ ના રવિવારના પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી કૃષ્ણકુમારજી મહોદય શ્રી (કડી - અમદાવાદ - જેતપુર ) પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી આશ્રયકુમાર જી મહોદય શ્રી (કડી - અમદાવાદ - જેતપુર) ના મંગલ સાનિધ્ય માં કાર્યક્રમ યોજાયો સભા પ્રવચનમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો એ લાભ લીધો અને કાર્યક્રમ બાદ સખડી મહાપ્રસાદનો પણ આયોજન રાખવામાં આવ્યું હતું.

# 3 ડિસેમ્બર "વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ"



વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે "વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ" મનાવવામાં આવે છે. વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય. વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે. આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી. એવી જ રીતે તેનામાં આવડત અને ક્યાંક જ્ઞાન પણ હોય છે, પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધા ચંદ્રન, એચ રામક્રિશ્ન, અરુણીમાં સિન્હા જેવી મહાન વ્યક્તિઓને કે જેમને પોતાના અંગોમાં કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે. તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યક્તિઓને "દિવ્યાંગ" તરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે, તેમને સન્માન આપી રહ્યા છે. દિવ્યાંગ વ્યક્તિઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જ્યારે સંપૂર્ણ સ્વસ્થ અને હુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ‘અધિકારોનો માર્ગ લો (Take the Rights Path)’ની થીમ સાથે જૂનાગઢ જીલ્લા જેલ ખાતે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૨

ભારત સરકાર, ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ, જૂનાગઢ આરોગ્ય વિભાગ અને દિશા ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અલ્પેશ સાલ્વી અને જિલ્લા એઈડ્સ કંટ્રોલ અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસ માર્ગદર્શન હેઠળ ૧લી ડીસેમ્બર ‘‘વિશ્વ એઈડ્સ દિવસની’’ ની સાપ્તાહિક ઉજવણી ‘‘અધિકારોનો માર્ગ લો (Take the Rights Path) ’’ ની થીમ સાથે જિલ્લા જેલ જૂનાગઢ ખાતે એચ.આઈ.વી., ટી.બી, હેપેટાઈટિસ બી અને સી અને સીફીલીસ વિષે જાગૃતતા સ્ક્રીનીંગ માટેનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમ માં જિલ્લા એઈડ્સ કંટ્રોલ અધિકારી ડો.ચંદ્રેશ વ્યાસ સાહેબ દ્વારા બંદીવાન ભાઈઓંને એચ.આઈ.વી., ટી.બી, હેપેટાઈટિસ બી અને સી અને સીફીલીસ વિશે વિગત વાર માહિતગાર કર્યા હતા તેમજ ૩૪ બંદીવાન ભાઈઓનું સ્વઈચ્છા તપાસ કરી હતી. જેમાં DISHA-DAPCU ટીમ, ICTC જૂનાગઢ , સુભીક્ષા પ્રોજેક્ટ, સ્ટાફ કેમ્પમા હાજર રહી કેમ્પની કામગીરી કરવામાં આવી હતી.

# જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ કેન્દ્રો ઉપર આધાર કાર્ડ અપડેટ કરવા માટેની સુવિધા

## નાગરિકોએ આધાર કાર્ડમાં મોબાઈલ નંબર, ફોટો, બાયોમેટ્રિક અપડેટ - e - KYC કરાવવું જરૂરી

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ કેન્દ્રો ઉપર આધાર કાર્ડ અપડેટ કરવા માટે વ્યવસ્થાઓ છે. કેન્દ્ર -રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા અપડેટેડ આધાર કાર્ડ હોવું જરૂરી છે. જેથી નાગરિકોએ ત્વરિત આધાર કાર્ડમાં મોબાઈલ નંબર, ફોટો, બાયોમેટ્રિક અપડેટ અને e - KYC કરાવવું જરૂરી બની રહે છે.

જૂનાગઢ શહેરમાં આઝાદ ચોકમાં નગરપાલિકા કચેરી ખાતેના જન સેવા કેન્દ્ર, મહાનગરપાલિકાની ઝોનલ ઓફિસ ટીંબાવાડી અને દોલતપરા, આઝાદ ચોક ખાતે જૂનું જનાના દવાખાનુ, અને પોસ્ટ ઓફિસ, બેંક ઓફ બરોડા-મધુરમ, જયશ્રી રોડ પરના શિખર કોમ્પ્લેક્સ ખાતેના સી.એચ.સી. સેન્ટર, ઝાંઝરડા ચોકડી નજીક શુભ કોમ્પ્લેક્સમાં સી.એચ.સી. સેન્ટર, સી.એચ.સી. સેન્ટર ઝોનલ કચેરી દોલતપરા, જૂનાગઢના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો સરદારબાગ ખાતેના તાલુકા સેવા સદન ઉપરાંત વિજાપુર, બગડુ, બિલખા અને કાથરોટા ગામની ગ્રામ પંચાયત ખાતે આધારકાર્ડ અપડેટ અને e - KYCની કામગીરી કરી શકાશે. ગ્રામ પંચાયત કચેરીઓ અને સસ્તા અનાજની દુકાન ખાતે e - KYCની કામગીરી કરવામાં આવી રહી છે. આમ, જે નાગરિકોના e - KYC બાકી તેઓને સત્વરે e - KYC કરવા માટે અપીલ કરવામાં આવે છે.

# કોડીનારના વૃદ્ધ પગપાળા હજ યાત્રાએ જતા તેમનો સન્માન સમારોહ યોજાયો

## ૬૧ વર્ષીય મહમદઅલીબાપુ રવિવારે સાંજે કોડીનારથી મક્કા પગપાળા હજયાત્રા એ જવા રવાના, હિન્દૂ- મુસ્લિમ સમાજના લોકો પેદલ હજયાત્રીને બાયપાસ સુધી ચાલી વિદાય આપી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨



કોડીનાર શહેરમાં ટેસ્ટીનગર ખાતે રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ મહમદઅલી બાપુ રફાઈ ઉર્ફે દયાવાન બાપુ પેદલ હજયાત્રાએ જતા તેમનું સન્માન સમારોહ સૂકુન બાગ સોસાયટીમાં યોજાયો હતો.

કોડીનાર ના ૬૧ વર્ષીય વૃદ્ધ અને જવાનોને શરમાવે તેવી સ્ફુર્તિ અને આત્મવિશ્વાસ ધરાવતા મહમદઅલી બાપુ રફાઈ ઉર્ફે દયાવાન બાપુ કોડીનારથી ગઈકાલે રવિવારે સાંજે પગપાળા સાઉદી અરબ મક્કા હજયાત્રાએ જતા હોય તેમને પ્રોત્સાહિત કરવા માટે તેમના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી, ગુજરાત લઘુમતી મોરચાના પ્રમુખ અને ગુજરાત વકફ બોર્ડ ના સભ્ય જીશાનભાઈ નકવી,સૈયદ મોઈનબાપુ કાદરી, ઈબ્રાહિમભાઈ પીરાણી, અફઝલભાઈ કચ્છી, અવેશ હારૂનભાઈ હાલાઈ વગેરે અગ્રણીઓ એ મહમદઅલીબાપુને ફુલહાર કરી શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

મહમદઅલીબાપુ ગઈકાલે રવિવારે સાંજે પગપાળા કોડીનારથી મક્કા હજયાત્રાએ જવા રવાના થયા ત્યારે કોડીનાર હિન્દૂ-મુસ્લિમ સમાજના અનેક લોકો બાયપાસ સુધી તેમની સાથે પગપાળા યાત્રામાં જોડાઈ તેમને પ્રોત્સાહિત કરી વિદાય આપી હતી. મહમદઅલીબાપુ કોડીનારથી નવી દિલ્લી પાકિસ્તાન એમ્બેસીમાંથી વિઝા લઈ પાકિસ્તાન, ઈરાન, ઈરાક વગેરે દેશોમાંથી પસાર થઈ અંદાજીત ૧૬ મહિના સતત ચાલીને ૨૦૨૬માં મક્કા ખાતે હજ યાત્રામાં ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહમદઅલીબાપુ અગાઉ કોડીનારથી અજમેર શરીફ સહિત અનેક ધાર્મિક સ્થળોની પગપાળા યાત્રા કરી ચુક્યા હોય હવે તેઓ આ ઉંમરે પણ જવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિ અને મક્કમ નિર્ધાર અને અડગ આત્મ વિશ્વાસ સાથે પેદલ હજયાત્રાએ જતા હોય તેમની યાત્રા સુખમય અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ કોડીનાર હિન્દૂ-મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આપી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ૬ થી ૬૦ વર્ષના વયજૂથના કલાકારો માટે કલા મહાકુંભ યોજાશે

જૂનાગઢ તા.૨

રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ- ગાંધીનગર તથા કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી- ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી- જૂનાગઢ દ્વારા સંચાલિત કલા મહાકુંભ વર્ષ : ૨૦૨૪- ૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કલા મહાકુંભ માં ૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં સમાવિષ્ટ તમામ કલાકારો ભાગ લઈ શકશે. આ વયજુથમાં ચાર વિભાગ રહેશે. જેમાં ૦૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના નાગરિકો સંમિલિત બની શકે છે.

આ કલા મહાકુંભમાં ૬ પ્રકારના વિવિધ વિભાગ નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાં સાહિત્ય, કલા, નૃત્ય, ગાયન, વાદન, અભિનયની કેટેગરીમાં સ્પર્ધકો ભાગ લઈ શકે છે. સાહિત્ય વિભાગમાં વકૃત્વ, નિબંધ, કાવ્ય લેખન, ગઝલ-શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ છે. કલા વિભાગમાં ચિત્રકલા અને સર્જનાત્મક કારીગરી છે. નૃત્ય વિભાગમાં લોક નૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચીપુડી, ઓડીસી, મોહિનીઅટ્ટમ છે. ગાયન વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત હિન્દુસ્તાની, સુગમ સંગીત, લગ્નગીત, સમુહગીત, લોકગીત, ભજન છે. વાદન વિભાગમાં હાર્મોનિયમ (હળવું), તબલા, ઓર્ગન, સ્કુલબેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સાંરગી, પખવાજ, વાયોલિન, મૃદંગમ, રાવણહથ્થો, જોડીયા પાવા છે. અભિનય વિભાગમાં એકપાત્રીય અભિનય અને ભવાઈ છે.

આ કાર્યક્રમમાં તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, રાજ્યકક્ષા- આમ ૪ સ્પર્ધાના સ્તર રહેશે. આ અંગે તાલુકાકક્ષા/ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ, આધારકાર્ડ અને બેંક પાસબુકની નકલ સાથે જોડીને આગામી તારીખ ૨૦-૧૨-૨૦૨૪ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં ઝોન/તાલુકા કન્વીનરને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. તેમજ જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા અને રાજયકક્ષાએથી શરૂ થતી સ્પકર્ધાઓમાં ભાગ લેવા માટે ઈચ્છુકિ ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ સાથે રાખી તા.૩૧/૧૨/૨૦૨૪ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ૩૬૨૦૦૧ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત મોકલવાની રહેશે. નિયત નમુનાના ફોર્મની માહિતી Dydo Junagadh ફેસબૂક આઈ.ડી ઉપર જોઈ શકાશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયામાં સોનલ શક્તિ ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો : મોટી સંખ્યામાં ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨



ખંભાળિયામાં આઈ શ્રી સોનલ ધામ ટ્રસ્ટ તથા આઈ શ્રી સોનલ માં એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક હેતુસર સોનલ શક્તિ ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શુક્રવારે સાંજે આ ટુર્નામેન્ટનું દીપ પ્રાગટય મઢડાવાળા ગિરીશ આપા તથા ખંભાળિયાના હિરલ માતાજી હસ્તે ગઢવી સમાજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ચાર દિવસના આ આયોજનમાં ચારણ ગઢવી સમાજના દાતાઓના સન્માન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન દરમિયાન એકત્ર થયેલી રકમ અહીંના ચારણ કુમાર છાત્રાલયમાં શૈક્ષણિક હેતુ માટે ઉપયોગમાં કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દ્વારકા, જામનગર, પોરબંદર, કચ્છ, ભૂજ, જુનાગઢ, સહિતના વિસ્તારોમાંથી ગઢવી સમાજના ખેલાડીઓ જોડાયા છે. ખંભાળિયા નજીક આવેલા હરીપર ગામે સ્થિત એસ.કે. ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આ સુંદર આયોજન થયું છે. આ મેચમાં મેન ઓફ ધી મેચ, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર, બેસ્ટ ફિલ્ડર તથા મેં ઓફ ધી સિરિઝને ટ્રોફી એનાયત કરવામાં આવશે.

# શેલ્બી હોસ્પિટલ્સ દ્વારા જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે ભારતની સૌથી મોટી ઓર્થોપેડિક શૈક્ષણિક મીટનું આયોજન


(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીમાં અગ્રણી શેલ્બી હોસ્પિટલ્સ ઓર્થોટ્રેન્ડ્સ ૨૦૨૪નું આયોજન કરી રહી છે, જે ઓર્થોપેડિક પ્રોફેશનલ્સ માટે ભારતનું સૌથી મોટું શૈક્ષણિક કોક્લેવ છે. અમદાવાદમાં આયોજિત આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં અસંખ્ય આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રતિનિધિઓ સાથે વિશ્વભરમાંથી લગભગ ૫૫ ફેકલ્ટી સભ્યો અને ૫૫૦ થી વધુ વરિષ્ઠ ઓર્થોપેડિક સર્જનો એકત્ર થયા હતા.

કોન્ફરન્સમાં અદ્યતન સર્જિકલ તકનીકો સાથે યુવાન સર્જનોને સશક્ત બનાવવા અને તેમની કુશળતાને વધુ ઊંડી બનાવવાનો હેતુ રેકોર્ડ કરાયેલ સર્જરીઓ, સિમ્પોઝિયમો અને પેનલ ચર્ચાઓ સહિત શૈક્ષણિક અને વ્યવહારુ જોડાણોની શ્રેણી છે. એક મુખ્ય વિશેષતા એ છે કે હાથથી ચાલતી વર્કશોપ્સ સો હાડકાંનો ઉપયોગ કરે છે, જે સહભાગીઓને અદ્યતન સાધનો અને ટ્રાન્સપ્લાનટેશન સાથે વાસ્તવિક સમયનો અનુભવ આપે છે.

ઓર્થોપેડિકસમાં ઝડપી રિકવરી સર્જરી માટેની દ્રષ્ટિ ઈવેન્ટનું નોંધપાત્ર ધ્યાન ટૂંકા રોકાણ અને ઝડપી રિકવરી સર્જરીમાં વધતી વૈશ્વિક રસ છે, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં, જ્યાં ઉન્નત સર્જીકલ પ્રોટોકોલ દર્દીઓને તે જ દિવસે ઘરે પાછા ફરવાની મંજૂરી આપે છે. આ વલણ સાથે સંરેખિત, શેલ્બી હોસ્પિટલ્સ પહેલાથી જ ટોટલ ની રિપ્લેસમેન્ટ સર્જરી માટે હોસ્પિટલમાં રોકાણ ત્રણ અઠવાડિયાથી ઘટાડીને ત્રણ દિવસ કરી ચૂક્યું છે અને હવે ભારતમાં દર્દીની સંભાળ માટે એક નવું ધોરણ સ્થાપિત કરીને




ઝડપી રિકવરી સર્જરી પ્રોટોકોલ અપનાવવા માટે તૈયાર છે.

ઓર્થોપેડિક નવીનતાઓમાં પ્રગતિ: કોન્ફરન્સ ઈમ્પ્લાન્ટ ટેકનોલોજી અને સર્જિકલ પ્રેક્ટિસમાં પ્રગતિશીલ નવીનતાઓને પણ સ્પોટલાઈટ કરે છે. વિટામિન ઈ-ઈન્ફ્યુઝ્ડ પોલિઈથિલિન ઈમ્પ્લાન્ટ્સ: આ વિઅર રેટ ઘટાડવા અને ઈમ્પ્લાન્ટની લાંબી આયુષ્ય વધારવા માટે રચાયેલ છે.

ટાઈટેનિયમ-મોલિબ્ડેનમ નાઈટ્રાઈડ કોટિંગ્સ : તેઓ એલર્જીક પ્રતિક્રિયાઓને ઘટાડે છે અને વધુ ટકાઉપણું પ્રદાન કરીને વિઅર ઘટાડે છે. નવી હિપ ડિઝાઈન્સ: અદ્યતન અનસિમેન્ટેડ ફિક્સેશન તકનીકો દર્શાવતા, આ પ્રત્યારોપણ ઝડપથી હાડકાના એકીકરણની સુવિધા આપે છે, પુનરાવર્તન દર ઘટાડે છે. સર્જરીમાં રોબોટિક્સ: જેમ જેમ રોબોટિક-સહાયિત સર્જરી ટ્રેક્શન મેળવે છે, આ પ્રગતિઓ ઓર્થોપેડિક પ્રક્રિયાઓમાં સુધારેલ ચોકસાઈ અને પરિણામોનું વચન આપે છે. શેલ્બીનો શ્રેષ્ઠતાનો વારસો "ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વિક્રમ શાહના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, શેલ્બી હોસ્પિટલ્સ જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને ઓર્થોપ્લાસ્ટીમાં વૈશ્વિક માપદંડ બની ગઈ છે. અમદાવાદમાં ૧૯૯૪માં છ બેડની સિંગલ-સ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે તેની શરૂઆત થઈ ત્યારથી, શેલ્બી હવે એક વિકસી રહી છે. સમગ્ર ભારતમાં ૧૬ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલોનું નેટવર્ક, આજની તારીખમાં ૧,૬૦,૦૦૦ થી વધુ સફળ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી કરે છે. આજે, શેલ્બી વાર્ષિક ૧૬,૦૦૦ થી વધુ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીઓનું સંચાલન કરે છે, જે દેશભરમાં કરવામાં આવતી આવી સર્જરીઓમાં ૧૫% થી વધુ હિસ્સો ધરાવે છે", ડો. નિશિતા શુક્લા, ગ્રુપ સીઓઓ, શેલ્બી હોસ્પિટલ્સે જણાવ્યું હતું. શેલ્બીની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાએ યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને એશિયા સહિતના પ્રદેશોના દર્દીઓને આકર્ષ્યા છે, જેનાથી તે વૈશ્વિક સ્તરે વિશ્વસનીય નામ બની ગયું છે.

# ખંભાળિયા : લીગલ સર્વીસ યુનિટ ફોર ચિલ્ડ્રનની બે દિવસીય તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨





બાળકો ને વિવિધ સ્તરે મૈત્રી પૂર્ણ કાનૂની સહાય મળી રહે તે માટે ચાઈલ્ડ ફ્રેન્ડલી લીગલ સર્વિસ ફોર ચિલ્ડ્રન સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જાગૃતિ ફેલાઈ ,ચાઈલ્ડ સેન્ટ્રીક - ચાઈલ્ડ ફ્રેન્ડલી વાતાવરણ ઉભુ કરવા કરવા, બાળકો સાથે કઈ રીતે વર્તવું, વલનેરબલ બાળકોનું તાત્કાલિક કઈ રીતે રેહેબિલિયેશન થાય એવા વિવિધ પાયાના પ્રશ્નો પર આધારિત આધારિત જિલ્લા સ્તરની લીગલ સર્વીસ યુનિટ ફોર ચિલ્ડ્રન (LSUC) બનાવવામાં આવી છે. જેમાં પી.એલ.વી., પેનલ એડવોકેટ, ડિફેન્સ કાઉન્સિલનો સમાવેશ કરી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવને મોનીટરીંગ હેડ બનાવવામાં આવ્યા છે.

આ યુનિટના સભ્યો માટે ખંભાળિયામાં જિલ્લા અદાલત, દ્વારા રાજ્યની વડી કચેરીની સૂચના મુજબ તા. ૨૮ અને ૨૯ નવેમ્બરના રોજ ઓરીએંટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૮ ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એસ.વી. વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્ય કરી, તાલીમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એસ.જી. મન્સૂરી પણ જોડાયા હતા.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વારા સ્કીમનો હેતુ અને યુનિટ મેમ્બરની કાર્ય પદ્ધતિ વિશે માહિતગાર કર્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાના રેન્જ આઈ.જી. અશોક યાદવએ પણ તાલીમ દરમિયાન ઉપસ્થિત રહી, સ્કીમ વિશે માહિતી મેળવીને મેમ્બર્સને પ્રોત્સાહિત કર્યા હતા.

આ તાલીમ દરમિયાન યુનિટના સભ્યો નાલસાની વિવિધ સ્કીમથી અવગત થાય અને જમીની સ્તર પર "સર્વને સમાન ન્યાય" નું સૂત્ર કંઈ રીતે ચરિતાર્થ થાય તે માટે ખાસ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી આર.એ. ત્રિવેદીએ ઓનલાઈન માધ્યમથી જોડાઈને યુનિટના સભ્યોને માહિતગાર કરી, જિલ્લાની લીગલ અવેરનેસની કામગીરીની સરાહના કરી હતી.

સતત બે દિવસ મહિલા અને બાળ વિકાસ અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર (CPI), મહિલા પોલીસ સ્ટેશન (PSI) , ચાઈલ્ડ વેલ્ફેર કમિટી તથા જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના મેમ્બર, વન સ્ટોપ સેન્ટર તથા પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટરના સંચાલક, જુવેનાઈલ પોલીસ યુનિટ, આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર જેવા જિલ્લાના અલગ અલગ વિભાગના અધિકારીઓએ હાજર રહી, અલગ અલગ વિષય પર માહિતી આપી હતી. તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

# ઉનામાં સિમેન્ટ રોડની કામગીરી અધુરી : લોકોને ભારે હાલાકી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨



ઉના માધવ બાગથી ઓમકાર ચોક સિમેન્ટ રોડ બનેલ હોય પણ સાઈડની કોર એટલી મોટી હોવાથી શેરીમાંથી પસાર થતા વાહનો લોકોને રોડમાં ચડવા માટે ઢાળ ન બનાવ્યો હોય જેથી કારણે રાહદારી પરેશાની ભોગવી રહ્યા છે જેથી કરી વહેલાસર આ રોડને સાઈડમાં ઢાળ બનાવી યોગ્ય કાર્યવાહી કરવા લોક માંગણી ઉઠી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# રેવડીઓની મીઠાશ પાછળ છૂપાયેલી કડવાશ

કોણે કોને કેટલી રેવડીઓ વહેંચી, એ સવાલ ભલે લાંબી-પહોળી ગણના માગી લેતો હોય પરંતુ એ વાત તો બધા જ માનશે કે હાલની ચૂંટણીઓમાં ભરપૂર રેવડીઓ વહેંચાઈ. અહીં ચૂંટણીઓમાં વિભિન્ન રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા મતદારોને ચૂપચાપ વહેંચાતા રૂપિયાની વાત નથી, પરંતુ એ રેવડીઓની વાત થઈ રહી છે જેને વહેંચનારા લાંબી ગણતરીથી તે વહેંચતા હોય છે. ચૂંટણી પરિણામનું વિશ્લેષણ કરનારા જે એક વાત પર સહમત દેખાય છે, તે એ છે કે આ રેવડીઓએ પરિણામો પર નિર્ણાયક પ્રભાવ પાડ્યો છે. એવી જ એક રેવડીને મહારાષ્ટ્રમાં 'લાડકી બહિન'ના નામે અને ઝારખંડમાં 'મંઈયાં સન્માન યોજના' રૂપે આપવામાં આવી છે. ભાજપનો દાવો છે કે સૌથી પહેલાં મધ્ય પ્રદેશમાં શિવરાજ સંહે 'લાડલી બહેનો'ને દર મહિને રોકડ રકમ આપવાની ઘોષણા કરી હતી અને તેને ચૂંટણી પરિણામો પર નિર્ણાયક પ્રભાવ પાડનારું પગલું કહેવાયું હતું. હવે મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતિએ આવંણ કર્યું અને દાવો કરાય છે કે મહારાષ્ટ્રની જીતમાં આ યોજનાનો મહત્ત્વપૂર્ણ હાથ રહ્યો છે. જોકે મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડીએ પણ ભાજપના ૧૫૦૦ રૂપિયા દર મહિને યોગદાનને વધારીને ૩૦૦૦ કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ મતદારોએ તેમના પર જરા પણ ભરોસો ન કયો! એવું પણ કહેવાઈ રહ્યું છે કે મહારાષ્ટ્રની ચૂંટણીઓને બે મહિના એટલા માટે ટાળવામાં આવી હતી કે મહિલાઓનાં બેંક ખાતાંમાં રેવડીઓ પહોંચી જાય તો બહેતર પરિણામ મળે!

જોકે કારણો બીજાં પણ હોઈ શકે છે, પરંતુ તેનાં પરિણામો પર રેવડીઓની અસરનું મહત્ત્વ ઓછું નથી થઈ જતું. આ રેવડીઓ વહેંચવી કોઈ નવી વાત નથી. કદાચ તેની શરૂઆત બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા રાજ્યની છોકરીઓને સાયકલો વહેંચવાથી થઈ હતી. પછી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તો વીજળી, પાણી વગેરે મફત આપીને રેવડીઓ વહેંચવાની એક નવી જ પરંપરા ચાલુ કરી દીધી! બિહાર, ઓડિશા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, પંજાબ જેવાં રાજ્યોમાં તો આ કામ પ્રતિસ્પર્ધાને કારણે થયું. એવું નથી કે આ મફતખોરીની ટીકા નથી થઈ. મતદારોને આર્થિક સહાયતા આપવાની આ પ્રથાની ટીકા ખુદ વડાપ્રધાન મોદી કરી ચૂક્યા છે. કદાચ આ રીતે મતદારોને રીઝવવાની કોશિશને રેવડીઓ વહેંચવાની સંજ્ઞા પણ તેમણે જ આપી હતી. એ વાત જુદી છે કે હવે તેઓ ખુદ મતદારોને આ રીતે રીઝવવાના પક્ષધર બની ગયા લાગે છે!

એમ તો ચૂંટણી ઢંઢેરામાં જે વાયદા કર્યા છે, તેમને પણ મતદારોને અપાતી લાંચ જ કહી શકાય, પરંતુ આ રીતે રોકડ રકમ વહેંચવાને કોઈ બીજી રીતે ન સમજાવી શકાય. રેવડીઓ વહેંચનારા આ લાંચને કલ્યાણકારી રાજ્યને અનુરૂપ આચરણ ગણાવે છે. આપણે ભલે આજે દુનિયાની ત્રીજી સૌથી મોટી આર્થિક વ્યવસ્થા બનવાનો દાવો કરતા હોય, પરંતુ એ હકીકતથી મોં ન છૂપાવી સકાય કે આજે આપણા દેશની એંશી ટકા આબાદીને સરકાર દ્વારા મફત અનાજ આપીને તેનું પેટ ભરવામાં આવે છે. સરકાર ભલે તેને ગમે તે કહે, પરંતુ તથ્ય એ જ છે કે ગરીબી હટાઓના તમામ દાવા છતાં આજે પણ સ્વતંત્ર ભારતનો નાગરિક પોતાના શ્રમથી પોતાની બુનિયાદી જરૂરિયાતોને પૂરી કરવા લાયક નથી બન્યો. આઝાદીનાં સિત્તેર વર્ષ બાદ પણ જો દેશની જનતા રેવડીઓથી રીઝવી શકાતી હોય તો તેનો સીધો મતલબ છે કે આપણી નીતિઓનો પાયો જ કાચો રહી ગયો છે. જનતાને મફતની ટેવ પાડી દેવામાં આવી છે. વળી આપણે એને સુધારવાને બદલે વધુને વધુ રેવડીઓ આપીને કામ ચલાવવા માગીએ છીએ.

એવું નથી કે આઝાદીનાં આ સિત્તેર-એંશી વર્ષમાં આપણે કશું કર્યું નથી. ઘણું બધું મેળવ્યું છે આપણે, ચાંદ-સિતારાને સ્પર્શ કર્યા છે. પરંતુ જેટલું કર્યું છે, તેનાથી કેટલાય ગણું કરવાનું હજુ બાકી છે. આપણી ઉપલબ્ધિઓ પર ગર્વ કરી શકીએ છીએ પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે જેટલો રસ્તો આપણે પાર કર્યો છે, તેનાથી કેટલાય ગણો લાંબો રસ્તો પાર કરવાનો બાકી છે. વિકસિત ભારતનાં સપનાં આપણે જોઈ રહ્યા છીએ, પરંતુ આપણે એ યાદ રાખવા નથી માગતા કે સબકા સાથ અને સબકા વિકાસનો પડકાર ત્યારે જ સ્વીકાર કરી શકાય જ્યારે આપણી કોશિશોમાં બુનિયાદી ઈમાનદારી હોય. આજે જરૂરિયાત દરેક ભારતીયને જીવનને વિકસિત જીવનશૈલીને અનુરૂપ બનાવવાની છે. દરેક નાગરિકને વિકાસનો સમાન અવસર મળે. તેઓ જે સપનાં જુએ તેને પૂરું કરવાનો ઉમંગ પણ તેનામાં હોય. તેનો સીધો અર્થ છે કે આપણા દેશનો દરેક નાગરિક પોતાના ભારતીય હોવા પર ગર્વ કરે, તેનો વિવેક જાગ્રત થાય, તે ગર્વથી માથું ઊંચું કરીને ચાલી શકે.

મફત અનાજ આપીને કે લાડલી બહેનો કે મંઈયાંના ખાતાંમાં હજાર-પંદરો રૂપિયા જમા કરીને તેને માથું ઊંચુ કરીને ચાલવા લાયક નહીં બનાવી શકાય. આવા પ્રયાસો માત્ર ભરમાવે છે, સક્ષમ નથી બનાવતા. જરૂરિયાત દરેક નાગરિકને સક્ષમ બનાવવાની છે. આપણા બંધારણે આપણને સમતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાનો અદિકાર આપ્યો છે તો તેની સાથે કેટલાંક કર્તવ્યો પણ જોડ્યાં છે, જેને નિભાવવા જ એક સ્વતંત્ર દેશના યોગ્ય નાગરિક બનવાની સૌથી મહત્ત્વપૂર્ણ શરત છે. જો આપણને બોલવાની આઝાદી મળી છે તો યોગ્ય બોલવાની આઝાદી મળી છે તો યોગ્ય બોલવાની શરત પણ જોડાયેલી છે. આપણને જો ન્યાય મેળવવાનો અધિકાર છે તો ન્યાયનો તકાદો છે કે આપણે બીજાના ન્યાય મેળવવાના અધિકારની પણ રક્ષા કરીએ. એ ત્યારે જ સંભવ છે જ્યારે આપણે ખુદમાં એ ક્ષમતા પેદા કરી લઈશું કે રેવડીઓથી આપણને ભરમાવવાની કોશિશ કરનારા ઈરાદાઓને સમજી શકીએ.

જનતંત્રની સફળતા અને સાર્થકતાનું પ્રમાણ એ જ છે કે દરેક નાગરિક પોતાના અધિકારો અને દાયિત્વો પ્રત્યે સાવધાન થાય. સતત જાગૃતિ જ એ મંત્ર છે જે આપણને જનતંત્રને યોગ્ય નાગરિક બનવા લાયક બનાવી શકે છે. રેવડીઓ ખરાબ નથી હોતી, પરંતુ રેવડીઓ વહેંચનારાના ઈરાદાની સચ્ચાઈ પરખવી જરૂરી છે. રાજકીય સ્વાર્થોની પૂર્તિ માટે વહેંચાતી રેવડીઓની મીઠાશ પાછળ છૂપાયેલી કડવાશને સમજવી પણ જરૂરી છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી પર પાકિસ્તાનનું બદલાયું વલણ

# પાકિસ્તાન આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાની છે

## ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન મોકલવાનો ઈન્કાર કર્યા બાદથી હાઈબ્રિડ મોડલ પર ટૂર્નામેન્ટનું આયોજન




(જી.એસ.એસ),તા.૨

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને પાકિસ્તાનનું વલણ નબળું પડી રહ્યું છે. ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન જવાનો ઈક્રાર કર્યો ત્યારથી ટૂર્નામેન્ટને લઈને વિવાદ ચાલી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ BCC અને ICCની હાઈબ્રિડ મોડલની માંગને ફગાવીને ટૂર્નામેન્ટને સંપૂર્ણપણે પોતાના ઘરમાં જ આયોજિત કરવાની માંગ પર અડગ છે, પરંતુ હવે ચારે બાજુથી અલગ થઈ ગયા બાદ તે તેના પર સહમત થઈ રહ્યું છે. એક રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ હાઈબ્રિડ મોડલ માટે તૈયાર છે અને તેણ ICCને પણ આ વાત જણાવી છે, પરંતુ તેણે આવું કરવા માટે એક શરત રાખી છે કે તે આગામી ૭ વર્ષ સુધી ચાલશે. છેલ્લા ઘણા અઠવાડિયાથી ચાલી રહેલા સંઘર્ષને ઉકેલવા અને નક્કર ઉકેલ શોધવા માટે ICCએ શુક્રવારે ૨૯ નવેમ્બરે તેના બોર્ડની વર્ચ્યુઅલ બેઠક બોલાવી હતી. જો કે, આ મીટિંગ લાંબી ચાલી નહીં અને માત્ર ૧૦-૧૫ મિનિટમાં જ પૂરી થઈ ગઈ. આ બેઠકમાં ICC દ્વારા ફરી એકવાર હાઈબ્રિડ મોડલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેને PCBના વડા મોહસિન નકવીએ નકારી કાઢ્યો હતો અને ફરી એકવાર સમગ્ર ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં આયોજિત કરવાની માંગ કરવામાં આવી હતી. જેના કારણે બેઠક અને નિર્ણય આગામી ૨૪ થી ૪૮ કલાક માટે મોકૂફ રાખવામાં આવ્યો હતો. હવે શનિવાર, ૩૦ નવેમ્બરના રોજ, સમાચાર એજન્સી PTIએ પાકિસ્તાની બોર્ડના સૂત્રોના હવાલાથી માહિતી આપી છે કે PCB હાઈબ્રિડ મોડલના પ્રસ્તાવ માટે સંમત થઈ ગયું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે માત્ર હાઈબ્રિડ મોડલ જ નહીં પરંતુઁ ઝ્મ્ પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં મેચ રમવા માટે રાજી થઈ ગયું છે, પરંતુ પાકિસ્તાને આ માટે એક શરત પણ મૂકી છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે PCByu ICCને તેની સ્થિતિ વિશે જાણ કરી છે, જે અંતર્ગત આગામી ૭ વર્ષ એટલે કે ૨૦૩૧ સુધી યોજાનારી દરેક ટૂર્નામેન્ટમાં સમાન મોડલ અપનાવવામાં આવશે.

વાસ્તવમાઁ ઝ્મ્ની આ માંગ ભારતમાં યોજાનારી ઈવેન્ટને લઈને છે. ICCએ ૨૦૩૧ સુધી દર વર્ષે એક મોટી ટૂર્નામેન્ટનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત ૨૦૨૬માં ભારત અને શ્રીલંકામાં ્૨૦ વર્લ્ડ કપ યોજાવાનો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૯માં ભારતમાં રમાશે. આ પછી ભારત અને બાંગ્લાદેશે ૨૦૩૧માં ODI વર્લ્ડ કપની યજમાની કરવાની છે. PCB ઈચ્છે છે કે આ ટૂર્નામેન્ટમાં પણ આવું જ મોડલ અજમાવવામાં આવે. એટલે કે પાકિસ્તાની બોર્ડની શરત છે કે તેઓ પોતાની ટીમને કોઈપણ ટૂર્નામેન્ટ માટે ભારત નહીં મોકલે.

જો કે, એ સ્પષ્ટ નથી કે આ મોડલ માત્ર પુરૂષ ક્રિકેટ પુરતું મર્યાદિત રહેશે કે પછી મહિલા ક્રિકેટ અને જુનિયર ક્રિકેટમાં પણ તેને લાગુ કરવાની માંગ છે. તાજેતરના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો ક ICCyu PCBને હાઈબ્રિડ મોડલ સ્વીકારવાની ચેતવણી પણ આપી હતી, અન્યથા તેમની પાસેથી હોસ્ટિંગ અધિકારો સંપૂર્ણપણે છીનવી શકાય છે. હવે બધાની નજર તેમના પર છે, કે શું ICC અને BCCI આ નવા દાવપેચ બાદ PCBની આ શરત સ્વીકારશે કે નહીં. જ્યાં સુધી T20 વર્લ્ડ કપ અને ODI વર્લ્ડ કપની વાત છે તો આ કોઈ મોટી સમસ્યા નહીં હોય, કારણ કે ભારત સિવાય શ્રીલંકા અને બાંગ્લાદેશ પણ આ બે ટૂર્નામેન્ટના યજમાન છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન સામેની મેચ અને ભારત-પાકિસ્તાનની મેચ પણ આ દેશોમાં યોજાઈ શકે છે. સવાલ માત્ર ૨૦૨૯ની ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને જ રહેશે, જે સંપૂર્ણપણે ભારતમાં યોજાશે. દરમિયાન, PCBના વડા નકવીએ દુબઈમાં અમીરાત ક્રિકેટ બોર્ડના વડા મુબાશિર ઉસ્માની સાથે મુલાકાત કરીને હાઈબ્રિડ મોડલને અનુસરવાના પાકિસ્તાનના દાવાને પણ મજબૂતી મળી છે. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ દરમિયાન નકવીએ ઉસ્માનીને ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીઓ વિશે માહિતી આપી હતી અને હાઈબ્રિડ મોડલ વિશે પણ ચર્ચા કરી હતી, જે દર્શાવે છે કે PCB હવે તેના માટે તૈયાર છે.

### ITની સૌથી મોટી રેડ

# પૈસા ગણવા ૩૬ મશીન-ટ્રક બોલાવી પડી, ૧૦ દિવસ ચાલી કાર્યવાહી

## આ રેડમાં આવકવેરા અધિકારીઓએ દારૂ બનાવતી કંપની બૌધ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના અનેક વિભાગો પર રેડ પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઓડિશા,તા.૨

ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટો ઈક્રમ ટેક્સ રેડ ઓડિશામાં હાથ ધરવામાં આવી હતી, જે ૧૦ દિવસ સુધી ચાલી હતી. આ રેડમાં આવકવેરા અધિકારીઓએ દારૂ બનાવતી કંપની બૌધ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના અનેક વિભાગો પર રેડ પાડી હતી. જેમાં ૩૫૨ કરોડ રૂપિયાની જંગી બેનામી રકમ મળી આવી હતી. માહિતી પ્રમાણે આ રેડ ખાસ કરીને તેના કદ અને જટિલતાને કારણે સમાચારમાં ખૂબ જ ચર્ચામાં હતી. તેમજ ઈક્રમ ટેક્સ વિભાગનું અત્યાર સુધીનું સૌથી મોટું ઑપરેશન માનવામાં આવે છે.

આ રેડ દરમિયાન ઈક્રમ ટેક્સ વિભાગે જમીનની નીચે દટાયેલી કિંમતી ચીજવસ્તુઓને ઓળખવા માટે સ્કેનિંગ વ્હિલવાળા મશીનનો ઉપયોગ જ ન કર્યો, પરંતુ આ કામગીરી માટે ૩૬ નવા મશીનોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી કરીને નોટોની ગણતરી કરી શકાય.

આટલી મોટી રકમ મળ્યા બાદ આવકવેરા વિભાગે વિવિધ બેંકોના કર્મચારીઓને મદદ માટે બોલાવ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ વિશાળ પ્રમાણમાં મળેલી રકમની ગણતરી અને સુરક્ષા માટે મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂર પડી હતી. આવકવેરા વિભાગને રેડ દરમિયાન મળેલી રકમ ટ્રકમાં લોડ કરી, કડક સુરક્ષા વચ્ચે વિભાગની ઑફિસમાં જમા કરાવ્યા. આ ઑપરેશનની સફળતાની ગાથાએ આવકવેરા વિભાગની કુશળતા અને સમર્પણને ઉજાગર કર્યું હતું.

તમને જણાવી દઈએ કે ઑગસ્ટમાં કેન્દ્ર સરકારે આ રેડની આગેવાની કરનાર ઈક્રમટેક્સ વિભાગના અધિકારીઓને સન્માનિત કર્યા હતા, જેમાં મુખ્ય આવકવેરા તપાસ નિર્દેશક એસ કે ઝા અને વધારાના નિર્દેશક ગુરપ્રીત સિંહનો સમાવેશ થાય છે.

# ધોરાજીમાં વિદ્યાર્થીઓ વગરની શાળાના શિક્ષકને ૧૦ વર્ષથી મળે છે પગાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

ધોરાજી,તા.૨

ગુજરાતમાં નકલીની ભરમાર વચ્ચે હવે ધોરાજીમાં નકલી સ્કૂલ ઝડપાઈ છે. ધોરાજીના છાડવાવદર ગામ ખાતે બોગસ સ્કૂલ ચાલતી હોવાનો ગ્રામજનોએ ખુલાસો કર્યો છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓ આવતા ન હોવા છતાં શિક્ષક ૧૦ વર્ષથી સરકારી પગાર લેતાં હોવાની જાણકારી મળી છે. સમગ્ર મામલો ઉજાગર થતા શાળાના આચાર્ય અને શિક્ષકો ગાયબ થઈ ગયા છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં જે. જે. કાલરીયા સ્કૂલ બોગસ હોવાનો ગ્રામજનો સહિતના જાગૃત નાગરિકોએ ઘટસ્ફોટ કર્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ વર્ષથી આ સ્કૂલ બંધ હાલતમાં છે.ચોંકાવનારી વાત તો એ છે કે સ્કૂલમાં વિદ્યાર્થીઓના નામ બોલાઈ રહ્યાં છે.

પરંતુ એક પણ વિદ્યાર્થી અભ્યાસ કરવા આવતા નથી. તેમ છતાં વિદ્યાર્થીઓના નામે શિષ્યવૃતિ સહિતના તમામ પ્રકારનું શૈક્ષણિક લાભ આ સ્કૂલ મેળવી રહી છે. આ ઉપરાંત, ૧૦ વર્ષથી શિક્ષક પગાર પણ મેળવતા હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનોનો દાવો છે કે, રાજકારણીઓની રહેમરાહે ગામમાં આ સ્કૂલ ધમધમી રહી છે. રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમની તપાસમાં પણ આ બાબતે ખુલાસો થયો હતો. છેલ્લા ઘણા સમયથી ચાલતી આ માધ્યમિક સ્કૂલમાં ધોરણ ૯-૧૦ની ગ્રાન્ટ પણ મેળવવામાં આવતી હતી. સમગ્ર મામલે વિવાદ સામે આવતાની સાથે જ ટ્રસ્ટીઓ અને શિક્ષકો ગાયબ થઈ ગયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

માન પામે તે નહી, પણ માન પચાવી જાણે તે મહાત્મા છે

### : આજનું પંચાંગ :

: પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૧ ચંદ્રદર્શન તા.૨ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૯, જયેષ્ઠા નક્ષત્ર, ધૃતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), બપોરે ૩:૪૬ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૦૨-૧૨-૨૦૨૪ થી ૦૮-૧૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. આકસ્મીક પ્રવાસનું

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે.

# ગૃહ મંત્રી અમિત શાહ લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ બિલ, ૨૦૨૪ને વિચારણા અને સુધારા માટે રજૂ કરશે

(એજન્સી) તા.૨
કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સુધારા) બિલ, ૨૦૨૪ને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરશે. એજન્ડામાં જણાવવામાં આવ્યું છે કે, "અમિત શાહ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫માં સુધારો કરવા માટેના બિલ ઉપર વિચારણા કરવા માટે એક દરખાસ્ત રજૂ કરશે. તેઓ બિલને પસાર કરવા માટે દરખાસ્ત પણ રજૂ કરશે." દરમ્યાન રાજયસભામાં ૪૪ ખાનગી બિલો રજૂ કરવામાં આવનાર છે અને ૫ બિલો વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું હતું. ૨૦૦૫માં રજૂ કરાયેલા બિલમાં સુધારો કરશે, અસરકારક સંચાલન કરશે.આ વિધેયક આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫માં સુધારો કરવા માંગે છે, જે આપત્તિઓના અસરકારક સંચાલન માટે ઘડવામાં આવ્યો હતો. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓના અમલીકરણની રચના અને દેખરેખ રાખવાનો છે, સરકારના વિવિધ અંગો દ્વારા આપત્તિઓને રોકવા અને તેની અસરોને ઘટાડવા અને કોઈપણ આપત્તિની સ્થિતિમાં એકંદર સુખાકારીની ખાતરી કરવા માટે પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરવી અથવા સંભવિત આપત્તિ સંકલિત અને ઝડપી પ્રતિસાદ માટે જરૂરી સંસ્થાકીય પદ્ધતિઓસ્થાપિત કરવાની હતી. આપત્તિ વ્યવસ્થાપન (સુધારા) ખરડો, ૨૦૨૪ આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કાર્યરત સત્તાવાળાઓ અને સમિતિઓની ભૂમિકામાં વધુ સ્પષ્ટતા અને સંકલન લાવવાનો પ્રયાસ કરે છે, રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ અને ઉચ્ચ સંસ્થાઓ જેવી કેટલીક પૂર્વ-અધિનિયમ સંસ્થાઓને વૈધાનિક દરજ્જો પ્રદાન કરે છે. સ્તરની સમિતિ અને રાષ્ટ્રીય કારોબારી સમિતિની રચના માટે જોગવાઈ કરવી અને રાજ્ય કારોબારી સમિતિને બદલે રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે આપત્તિ યોજનાઓ તૈયાર કરવા માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તાધિકારીઓને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે. આ બિલ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ડિઝાસ્ટર ડેટાબેઝ બનાવવાની પણ જોગવાઈ કરે છે. શિયાળુ સંસદનું પ્રથમ સત્ર ૨૫ નવેમ્બરના રોજ શરૂ થયું હતું, જેમાં વિક્ષેપોને કારણે બંને ગૃહોની કાર્યવાહી ખૂબ વહેલી સ્થગિત કરવામાં આવી હતી. શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે.

# વડોદરા બોટ દુર્ઘટનામાં પીડિતોને વળતર માટે કલેક્ટરને અધિકારીની નિમણૂંક કરવા HCનો આદેશ



અમદાવાદ, તા.૨
ગુજરાત હાઈકોર્ટ દ્વારા હરણી બોટ દુર્ઘટના કેસમાં મૃતકોના પરિવારો અને ઈજાગ્રસ્તોને કોટિયા કંપની પાસેથી નાણાકીય વળતર મેળવવા માટે તેની રકમ નક્કી કરવા એક અધિકારીની નિમણૂક કરવાનો આદેશ વડોદરા ના કલેકટરને આપ્યો હતો. કલેકટર દ્વારા નિમણૂક થનારા નાયબ કલેકટરથી નીચેનો દરજ્જો ના ધરાવતા હોય તેવા અધિકારી સમક્ષ પીડિતો અને કોટિયા પ્રોજેક્ટ દ્વારા વળતર બાબતે રજૂઆત કરવાની રહેશે અને ત્યારબાદ અધિકારી દ્વારા ૮ સપ્તાહની અંદર વળતર નક્કી કરી તેનો અહેવાલ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે. આ સાથે રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે તેઓએ બોટિંગ બાબતના નિયમો જાહેર કરી દીધા છે અને ગેજેટમાં તેનો સમાવેશ કરવામાં આવેલો છે. કેસની વિગતો મુજબ વડોદરામાં ગત જાન્યુઆરી મહિનામાં ન્યુ સનરાઈઝ સ્કૂલ દ્વારા એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકો હરણી-મોટ નાથ લેક ખાતે બોટિંગ કરવા માટે ગયા હતા. આ બોટ ઊંધી પડી જતા ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત થયા હતા. સમગ્ર પ્રોજેક્ટ કોટિયા પ્રોજેક્ટ નામની કંપનીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવ્યો હતો અને તેમાં પણ ખોટી પદ્ધતિથી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેવી વિગતો ઉજાગર થઈ હતી. તેમજ કોટીયા પ્રોજેક્ટ દ્વારા પણ બોટની એક્ટિવિટીને નિભાવવામાં બેદરકારી રાખવામાં આવી હતી તેના ભાગીદારો સામે પોલીસ ફરિયાદ કરીને ધરપકડ કરવામાં આવી હતી. આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં પણ સુઓ મોટો પીઆઈએલ થઈ હતી તેની સુનાવણી દરમ્યાન પીડીતો તરફથી રજૂઆત કરાઈ હતી કે આ કેસમાં કોટિયા પ્રોજેક્ટ તરફથી બેદરકારી રાખવામાં આવ્યું હોવાથી તેઓને ઉદાહરણીય વળતર ચૂકવવાનો આદેશ કરવો જોઈએ. મોરબી દુર્ઘટનામાં પણ ઓરેવા કંપની જવાબદાર હોવાથી તેઓ પાસેથી વળતર વસૂલવાનો હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલો છે ત્યારે આ કેસમાં પણ વળતર આપવું જોઈએ. જો કે હાઈકોર્ટે આ બંને કેસની હકીકતો અને ન્યાયિક બાબતો અલગ હોવાથી આ બાબતે વળતરની રકમ નક્કી કરવા માટે એક અધિકારીની નિમણૂક કરવાની જરૂર છે તેવો મત વ્યકત કરીને કલેકટરને આદેશ કર્યો હતો કે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીની વળતરની ગણતરી માટેની કામગીરી સોંપવી જોઈએ. પીડિતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતરની ગણતરી કરવાની રહેશે આ બાબતે પીડિતોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં પોતાની રજૂઆત કરવાની રહેશે અને સત્તા મંડળ દ્વારા વકીલ મારફતે નિયુક્ત અધિકારી સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે કોટીયા પ્રોજેક્ટને પણ પોતાની રજૂઆત કરવાનો હક રહેશે તેવું હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

# લક્ઝરી બસોમાં ઠાંસી-ઠાંસીને સામાન ભરવા બદલ દાદ માંગતી અરજી હાઈકોર્ટે ફગાવી




અમદાવાદ, તા.૨
રાજ્યમાં ખાનગી લક્ઝરી બસોના સંચાલકો દ્વારા બસના છાપરે અને ડીકીમાં ઠાંસી ઠાંસીને સામાન ભરીને પરિવહન કરવાની પ્રવૃત્તિને અટકાવીને તેના સંચાલકોને દંડ ફટકારવા સહિતની કાર્યવાહી કરવાની માગણી કરવાની જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અદાલતે જાહેર હિતની અરજી કરનાર વકીલની આકરા સવાલો પૂછ્યા હતા કે તમે ભારતની વસતી બાબતે ખબર છે ? લોકોની પરિસ્થિતી વિશે જાણો છો ? તમે ક્યારેય રેલવે કે સરકારી બસોના જનરલ ક્લાસમાં પ્રવાસ કર્યો છે ? તમારે લોકોની પરિસ્થિતી વિશે સમજ કેળવવી જોઈએ. તેના જવાબમાં વકીલે જણાવ્યું હતું કે, ઠાંસી ઠાંસીને સામાન ભરવાથી અકસ્માત થાય છે. જો કે આ જાહેર હિતની અરજીમાં યોગ્ય પક્ષકારો જોડવામાં આવ્યા નહીં હોવાથી તેમજ આ અરજી ગેરસમજયુક્ત હોવાનું અવલોકન કરીને અદાલતે ફગાવી દીધી હતી. અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને અરજી કરવાનો આદેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ એક અરજદાર દ્વારા પીઆઈએલ કરીને રજૂઆત કરવામાં આવી હતી લક્ઝરી બસો અને મુસાફર વાહનોમાં સામાન ભરવામાં આવતો હોવાથી તે મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓનો ભંગ કરે છે. આથી બોર્ડર વિસ્તારો અને હાઈવે ઉપર આવા વાહનોને અટકાવવા જોઈએ. આવી બસો ઉપર દંડ કરીને પેનલ્ટી ફટકારવી જોઈએ. આ બાબતે ગુગલ ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીની ફરજો વિશે આપેલી માહિતીના આધારે રજૂઆત કરવામાં આવી હતી.આથી અદાલતે કહ્યું હતું કે ગુગલ ઉપર મુકવામાં આવેલી બધી માહિતી જ્ઞાન હોતું નથી. તમારે યોગ્ય પક્ષકારો જોડવા જોઈએ. આ બાબતે એક્ટમાં જોગવાઈ કરવામાં આવી છે. તે મુજબ કાર્યવાહી થઈ શકે છે. અંતે અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને રજૂઆત કરવાનો આદેશ કર્યો હતો.

# રાજ્યના તાલુકામાં એક ગ્રાન્ટેડ સ્કૂલ હોય તો નિયમમાં છૂટછાટ આપવા માંગ

અમદાવાદ, તા.૨
રાજ્યના તાલુકામાં એક જ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળા હોય તો તેમને નિયમોમાં છુટછાટ આપવા માટે સંચાલક મંડળ દ્વારા ભલામણ કરવામાં આવી છે. તાલુકમાં એક જ ગ્રાન્ટેડ શાળાના કિસ્સામાં વિદ્યાર્થી સંખ્યાનો ઠરાવ લાગુ પાડવો જોઈએ નહીં. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય શાળા સંચાલક મહામંડળ ગુજરાત પ્રદેશ જિલ્લા કક્ષાનો સંગઠન તરફથી મળેલી વિવિધ રજૂઆતોને સંકલિત કરીને રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જેમાં, રાજ્યના જિલ્લાઓમાં આવેલા પ્રત્યેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની એક ગ્રાન્ટેડ શાળા જીવિત રહે અને શિક્ષણ કાર્ય ચાલુ રાખે તે હેતુસર નિયમોમાં છૂટછાટ આપવી જરૂરી છે. જ્યાં વિજ્ઞાન પ્રવાહની એક જ ગ્રાન્ટેડ શાળા તાલુકામાં છે, ત્યાં તે શાળાને ખાસ કિસ્સાની અને ખાસ પ્રકારની શાળા ગણવી જોઈએ. અન્ય ગ્રાન્ટેડ શાળાઓની જેમ ત્યાં વિદ્યાર્થીઓની સંખ્યા સંદર્ભનો ઠરાવ લાગુ પાડવું જોઈએ નહીં. મીનીમમ ૧૦ વિદ્યાર્થી ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા હોય અને તે તાલુકામાં એકમાત્ર વિજ્ઞાન પ્રવાહ શાળા હોય તો વિશેષ દરજજો આપીને ચાલુ રાખવી જોઈએ, તેવી માગણી કરાઈ છે. આ ઉપરાંત ગુજરાતના તમામ તાલુકાઓનો અભ્યાસ કરતા અને તાલુકાના આર્થિક સર્વેક્ષણની ધ્યાને લેતા એક ગ્રામીણ વિજ્ઞાનપ્રવાહની શાળા ચલાવવી ખૂબ જ જરૂરી છે, તે તાલુકામાં સ્વનિર્ભર વિજ્ઞાનપ્રવાહ હોય તો પણ સામાજિક અને આર્થિક રીતે નબળા પરિવારના બાળકો માટે આ સુવિધા ચાલુ રાખવી જોઈએ તેવું સંચાલક મંડળનું માનવું છે.

## રાજ્યના મટી ગયેલા બિન-ખેડૂતોની રજૂઆતોને લઈ મુખ્યમંત્રીએ નિર્ણય લીધો

# રાજ્યમાં સંપાદિત થયેલી જમીનને લઈ બિનખેડૂત થયેલા ખેડૂતો માટે પ્રમાણપત્ર મુદ્દે સરકારનો નિર્ણય

## આવી જમીનના મામલે કલેક્ટર દ્વારા જાતે ખરાઈ કરીને પ્રમાણપત્ર ઈસ્યુ કરશે

અમદાવાદ, તા.૨
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ નિર્માણમાં જેમની બધી જ જમીનો સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોના વ્યાપક હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના ખેડૂતોના ખેડૂત પ્રમાણપત્ર અંગે મહત્ત્વતનો નિર્ણય લેવાયો છે. આવા પ્રોજેક્ટ્સમાં જેમની તમામ જમીનો સંપાદિત થઈ ગઈ હોય અને જે તે સમયે ખેડૂતપ્રમાણપત્ર ન મેળવવાને કારણે ખેડૂત મટી ગયા હોય તેવા ખેડૂતોએ મુખ્યમંત્રી સમક્ષ સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણના રાજ્ય સ્વાગતમાં તેમના આ પ્રશ્નની રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ સ્વાગતમાં રજૂ થતાં આવા પ્રશ્નોના ત્વરિત નિવારણનો અભિગમ અપનાવ્યો છે. તેમણે ખેડૂતોની સ્વાગત ઓનલાઈનમાં મળેલી રજૂઆતો અંગે સાનુકુળ અને પોઝિટીવ વ્યુ અપનાવીનેઆ પડતર રહેલા પ્રશ્નનું ત્વરાએ નિવારણ લાવી દીધું છે. તદ્અનુસાર રાજ્યમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોને ખેતીની જમીન ખરીદવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકારે તા.૨૬/૧૨/૨૦૦૮ના ઠરાવથી એવું સૂચવ્યું છે કે આવા ખેડૂતોને ખેડૂત પ્રમાણપત્ર સંબંધિત કલેક્ટર અથવા અધિકૃત અધિકારી આપી શકે છે. આવું પ્રમાણપત્ર મળ્યાની તારીખથી ત્રણ વર્ષમાં જમીન ખરીદવાની જોગવાઈઓ પણ અમલમાં છે. જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ ગઈ હોવા છતાં પ્રમાણપત્રના અભાવે બિન ખેડૂત બન્યા હોય તેવા ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની સુલભતા કરતી એક તક આપવા મુખ્યમંત્રીએ વધુ એક હિતકારી નિર્ણય કરીને તે અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. આ નિર્ણય અનુસાર તા.૦૧/૦૫/૧૯૬૦થી એટલે કે ગુજરાતના અલગ રાજ્ય તરીકેના સ્થાપના કાળથી વિવિધ પ્રોજેક્ટ્સમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેક્ટર સમક્ષ અરજી કરી શકશે. આવી અરજી મળ્યા પછી સંબંધિત કલેક્ટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે. રાજ્યના જે ખેડૂતોની જમીનો પ્રોજેક્ટ્સમાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે એ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શકેલા ખેડૂતો કે જે ખેડૂત મટી ગયા છે તેમને આ નિર્ણયના પરિણામે ખેતી કરવાનું પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત જે ખેડૂત પોતાના ખાતાના સર્વે નંબર પૈકી બચત રહેલો એક માત્ર સર્વે નંબર બિનખેતી કરાવે તેના કારણે ખેડૂત મટી જતા હતાં. આવા કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે ખેતીની જમીન ખરીદવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. એવી રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ અવારનવાર ખેડૂતો દ્વારા આવી હતી. જેને લઈને મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે, હવે પછી પોતાની ખેતીની જમીનનો છેલ્લો સર્વે નંબર પણ બિનખેતી થયા બાદ કોઈ ખેડૂત, ખેડૂત પ્રમાણપત્ર માંગે તો આવી જમીન બિનખેતી થયા બાદ એક વર્ષમાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનું રહેશે. ખેડૂતે આ પ્રમાણપત્રની તારીખથી બે વર્ષમાં જમીન ખરીદી કરવાની રહેશે. આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષ પહેલાંથી આ પ્રકારે બિન ખેડૂત થયેલા અરજદારોને પણ આ નિર્ણયનો લાભ મળશે.


# શાળાઓમાં વિદ્યાર્થીઓના અપાર ID બનાવવાની કામગીરીને લઈ હાલાકી

## વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં સામાન્ય તફાવતના લીધે આઈડી ક્રિએટ થતું નથી

અમદાવાદ, તા.૨
રાજ્યની સ્કૂલોમાં ઈ-કેવાયસી બાદ હવે અપાર આઈડીના પગલે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેન્દ્ર સરકારની સુચના અનુસાર તમામ બાળકોનું ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) ID બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીના ડાયસ ડેટાને આધારકાર્ડ સાથે લીંક કરવાનું હોય છે. પરંતુ, રાજ્યના અનેક વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં નામમાં સામાન્ય તફાવત હોવાના કારણે અપાર આઈડી બનતું નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીની થીમ આધારીત વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધીઓને ટ્રેક કરવા માટે APPAR આઈડી બનાવવાનું નક્કી કરાયું છે. શિક્ષણ વિભાગ દ્વારા APPAR આઈડીમાં વિદ્યાર્થીઓના પરિણામો, શૈક્ષણિક રેકોર્ડ તથા સિદ્ધીઓ ડિજીટલ સ્વરૂપે સ્ટોર કરવામાં આવશે એવો હેતુ દર્શાવાયો છે. પરંતુ આ અપાર આઈડી ક્રિએટ કરવાની પ્રક્રિયામાં છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતનું સમગ્ર શિક્ષણકાર્ય જ ખોરવાઈ ચુક્યું હોવાની વિગતો સામે આવી રહી છે. અપાર આઈડી માટે વાલીઓ પાસેથી સંમતિ મેળવવામાં આવી રહી છે અને તેની સાથે વિદ્યાર્થીઓના આધારકાર્ડ પણ સ્કૂલમાં મંગાવવામાં આવ્યા છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડને ડાયસના નામ સાથે લીંક કરવામાં આવે છે અને તેના આધારે અપાર આઈડી બને છે. જોકે, રાજ્યના અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓના આધારકાર્ડમાં નામ અને યુડાયસના નામ એક સમાન નથી. ઉપરાંત જે વિદ્યાર્થીઓના નામ એક સમાન છે તો ક્યાંક નાની-મોટી સ્પેલિંગ ભુલ આવે છે. આવા સંજોગોમા અપાર આઈડી ક્રિએટ થતુ નથી. હાલમાં અપાર આઈડી બનાવવામાં જે મુશ્કેલી આવી રહી છે તેમાં આધારકાર્ડમાં વિદ્યાર્થીનું પુરૂ નામ ન હોવાના કારણે મિસમેચ આવે છે. સ્કૂલના GRમાં વિદ્યાર્થીઓના જે નામ છે તે પ્રમાણે આધારકાર્ડમાં નામ ન હોવાના કારણે અપાર આઈડી ક્રિએટ થતાં નથી. આધારકાર્ડમાં જન્મ તારીખની જગ્યાએ જન્મનું વર્ષ લખેલુ હોય છે. આધાર કાર્ડમાં અટક અને નામ વચ્ચે ડબલ સ્પેસ હોવાાથી ભૂલ દેખાતી નથી. આમ, આવી અનેક સમસ્યાઓનો ભોગ અત્યારે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો બની રહ્યાં છે.

# શા માટે તમારે તમારા બાળકના સોશિયલ મીડિયા એક્સપોઝર ઉપર નજર રાખવી જોઈએ : પાંચ કારણો

નવી દિલ્હી, તા.૨
આજકાલ યુટ્યુબ ઉપર તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ છે; પરંતુ આ ઈન્ટરનેટ શાળામાં ભણતા બાળકો માટે ખતરો બની રહી છે. તે જરૂરી નથી કે તેના ઉપર દર્શાવેલ દરેક સામગ્રી સાચી હોય. કેટલાક વીડિયો બાળકોને ગેરમાર્ગે દોરતા પણ હોય છે. તેથી માતા-પિતાએ ખૂબ કાળજી લેવાની જરૂર છે. તાજેતરમાં મનોચિકિત્સક પ્રિયંકા શ્રીવાસ્તવે શેર કર્યું હતું કે, આજની પેઢીના બાળકો સમય પહેલા પરિપક્વ થઈ રહ્યા છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે, તેઓ મોબાઈલ દ્વારા ઘણી બધી માહિતી મેળવતા રહે છે. તેમની સામે જે વીડિયો આવે છે તે તેમની ઉંમર મુજબના નથી, પરંતુ જ્યારે તેઓ આવા વીડિયો જુએ છે ત્યારે તેમના વર્તનમાં બદલાવ આવવા લાગે છે. તેઓને લાગે છે કે, તેઓ બધું સમજી ગયા છે અને તેઓ નવી વસ્તુઓ કરવાથી ડરતા નથી. તેઓ જે રીતે કપડાં પહેરે છે અને વાત કરે છે તેનાથી તેમને લાગે છે કે, તેઓ પરિપક્વ છે પરંતુ આ બધું તેમના પર ખરાબ અસર કરી રહ્યું છે. આજે માતા-પિતાએ તેમના બાળકના સોશિયલ મીડિયા એક્સપોઝર પર શા માટે નજર રાખવી જોઈએ તેના ઉપર એક નજર કરીએ.



**૧. કન્ટેન્ટ ઉંમર પ્રમાણે જોવામાં આવતું નથી**

સોશિયલ મીડિયા ઉપર એવી કેટલીક સામગ્રી છે જે દાવો કરે છે કે, તે બાળકો માટે બનાવવામાં આવી છે. પરંતુ તે વીડિયોમાં એડલ્ટ કન્ટેન્ટ હોય છે. સમગ્ર વિશ્વમાં આ અંગે ચર્ચા ચાલી રહી છે. હકીકતમાં કેટલાક બાળકોના વીડિયો વિવાદનો વિષય પણ બની ગયા છે. એક અહેવાલ અનુસાર બાળકો માટે બનેલી ચેનલોના થંબનેલ બાળજન્મ, ગર્ભાવસ્થા અને કેટલીક અશ્લીલ તસવીરોના કાર્ટૂનના રૂપમાં બનાવવામાં આવી રહી છે. તે જ સમયે ઘણા વીડિયો સુંદરતા અને સ્ટાઈલ વિશે છે, જેને જોયા પછી નાની છોકરીઓ પણ મેક-અપ કરવા લાગે છે.

**૨. માતા-પિતા તેમના બાળકો સાથે વાત કરતા નથી**

પ્રિયંકા શ્રીવાસ્તવ કહે છે કે, સોશિયલ મીડિયા ઉપરના વીડિયો આજની પેઢી માટે વર્ચ્યુઅલ સ્કૂલ જેવા છે, પરંતુ અહીં કોઈ શિક્ષક નથી જે તેમને સાચા અને ખોટા વચ્ચેનો તફાવત કહી શકે. બીજી તરફ માતા-પિતા પોતે હંમેશા તેમના ફોનમાં વ્યસ્ત રહે છે, જેના કારણે તેઓ તેમના બાળકો સાથે ખૂબ ઓછી વાત કરે છે. જ્યારે બાળક મોટું થાય છે, ત્યારે તેના માટે બધું નવું હોય છે. તેના મનમાં અનેક પ્રશ્નો આવે છે. જ્યારે તે તેના માતા-પિતાને પૂછવાનો પ્રયાસ કરે છે ત્યારે ઘણીવાર તેના માતાપિતા તેને ચૂપ રહેવા કહે છે. જ્યારે તેને જવાબ ન મળે તો તે સોશિયલ મીડિયા ઉપર જવાબો શોધવા લાગે છે. તે જાણતો નથી કે તેને મળેલી માહિતી કેટલી સાચી અને સાચી છે.

**૩. બાળકો શું જોઈ રહ્યા છે તેના ઉપર નજર રાખવી જરૂરી છે**

યુટ્યુબ એ એક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે જ્યાં તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ છે. પરંતુ તે સામગ્રી કેટલી સાચી કે ખોટી છે તેની કોઈ દેખરેખ નથી. આ વર્ચ્યુઅલ દુનિયામાંથી ઘણી સારી વસ્તુઓ પણ શીખવા મળે છે, જેમ કે બાળકો ઘણા નવા શબ્દો, ભાષા, કલા અને હસ્તકલા અને ઘણી નવી કવિતાઓ અને વાર્તાઓ શીખે છે. પરંતુ તેના ઉપર કેટલીક એવી વસ્તુઓ પણ અપલોડ કરવામાં આવી છે જે બાળકો ઉપર નકારાત્મક અસર કરે છે. જેમ કે ટીખળો, તોફાન કરવાની નવી રીતો, અપશબ્દો વગેરે.

**૪ ઘણી ચેનલો શિક્ષણના નામે ગેરમાર્ગે દોરે છે**

અહેવાલો મુજબ એવું બહાર આવ્યું છે કે, ૨૦થી વધુ ભાષાઓમાં ચાલતી ૫૦થી વધુ શૈક્ષણિક ચેનલો બાળકોને ખોટી માહિતી આપી રહી છે અને આ બધી ચેનલો ઉપર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી વીડિયો સામગ્રી બનાવવામાં આવી રહી છે. તપાસમાં જાણવા મળ્યું કે, આ ચેનલ ઉપર વૈજ્ઞાનિક તથ્યોના આધારે જે માહિતી આપવામાં આવી રહી છે તે ખોટી છે.

**૫. બાળકની દરેક પ્રવૃત્તિને જાણો**

આ ડિજિટલ દુનિયામાં બાળકોને મોબાઈલ ઉપકરણોથી દૂર રાખવા થોડું મુશ્કેલ છે, પરંતુ તેમનું ઓનલાઈન મોનિટરિંગ જરૂરી છે. યુટ્યુબે યુટ્યુબ ફેમિલી સેન્ટર હબ નામનું એક ફીચર બનાવ્યું છે જેમાં માતા-પિતા તેમના બાળકોના વીડિયો વિશે માહિતી મેળવી શકે છે. માતા-પિતા પાસે આ સુવિધાનું સંપૂર્ણ નિયંત્રણ છે. તેઓ બાળક દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ, વીડિયો હિસ્ટ્રી અને સબ્સ્ક્રાઈબ કરેલી ચેનલો વિશે માહિતી મેળવી શકે છે. આ સિવાય એવી ઘણી એપ્સ છે જે માતા-પિતાને ટેગ રાખવાનો વિકલ્પ આપી રહી છે.

### સેવા ક્ષેત્રે વૃદ્ધિમાં તેજી જોવા મળી : રિપોર્ટ

# નવેમ્બરમાં ભારતની વ્યાપાર પ્રવૃત્તિ ૩ મહિનાની સૌથી ઊંચી સપાટીએ

## ઉત્પાદન ક્ષેત્રે ઓક્ટોબરના અંતિમ PMI રીડિંગમાં થોડી મંદી હોવા છતાં અપેક્ષાઓ કરતાં વધુ સારો દેખાવ કર્યો

નવી દિલ્હી, તા. ૨

HSBCના સર્વે મુજબ નવેમ્બરમાં ભારતની વ્યાપાર પ્રવૃત્તિ ત્રણ મહિનાની ટોચે પહોંચી છે. સેવા ક્ષેત્રમાં મજબૂત વૃદ્ધિ અને રેકોર્ડ રોજગાર સર્જનને કારણે આ શક્ય બન્યું છે. HSBC ઈન્ડિયાના ચીફ ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, "સેવા ક્ષેત્રે વૃદ્ધિમાં તેજી જોવા મળી હતી, જ્યારે ઉત્પાદન ક્ષેત્રે ઓક્ટોબરના અંતિમ PMI (પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ) રીડિંગમાં થોડી મંદી હોવા છતાં અપેક્ષાઓ કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો."

એસએન્ડપી ગ્લોબલ દ્વારા સંકલિત એચએસબીસીનો ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ નવેમ્બરમાં વધીને ૫૯.૫ થયો હતો જે ઓક્ટોબરમાં ૫૯.૧ હતો. આ દર્શાવે છે કે ભારતની આર્થિક પ્રવૃત્તિ સતત વિસ્તરી રહી છે. આ ૫૦-સ્તર વૃદ્ધિને સંકોચનથી અલગ કરે છે. સર્વિસ સેક્ટરનો PMI નવેમ્બરમાં ૫૮.૫ થી વધીને ૫૯.૨ થયો હતો, જે ઓગસ્ટ પછીનો સૌથી ઊંચો સ્તર છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરે પણ મહિના દરમિયાન વિસ્તરણ નોંધ્યું હતું, પરંતુ વૃદ્ધિની ગતિ થોડી ધીમી પડી હતી કારણ કે ઈન્ડેક્સ ૫૭.૫ થી ઘટીને ૫૭.૩ થયો હતો.

સેવા ઉદ્યોગમાં ઊંચા વેચાણને કારણે એકંદર સ્થાનિક માંગમાં વધારો થયો, જે ઉત્પાદનમાં ધીમી વૃદ્ધિને સરભર કરે છે. જો કે, મહિના દરમિયાન દેશની નિકાસની માંગમાં વધારો થયો હતો અને સેવાઓ માટેની વિદેશી માંગ ચાર મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી. આનાથી આગામી વર્ષ માટે બિઝનેસ આઉટલૂકમાં પણ સુધારો થયો, એકંદરે આશાવાદ મે મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો, જેના કારણે કંપનીઓ દ્વારા હાયરિંગમાં વધારો થયો. ડિસેમ્બર ૨૦૦૫માં સર્વે શરૂ થયો ત્યારથી રોજગાર સર્જન સૌથી ઝડપી ગતિએ વધી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, ડિસેમ્બર ૨૦૦૫માં સર્વેક્ષણ શરૂ થયા બાદ રોજગાર સર્જન સૌથી ઝડપી ગતિએ વધ્યું છે, જે આર્થિક સ્વાસ્થ્ય અને ઉપભોક્તા ખર્ચ કરવાની શક્તિનું સકારાત્મક સૂચક છે.

જો કે, વધતી જતી ફુગાવાએ કેટલીક ચિંતાનું કારણ આપ્યું છે. ભંડારીએ જણાવ્યું હતું કે, "ઉત્પાદકો દ્વારા ઉપયોગમાં લેવાતા કાચા માલના તેમજ સેવા ક્ષેત્રે ખાદ્યપદાર્થો અને વેતન ખર્ચમાં ભાવ દબાણ વધી રહ્યું છે." નવેમ્બરના આરબીઆઈના બુલેટિનમાં એમ પણ જણાવ્યું હતું કે ભારતની નિકાસ માટેનો દૃષ્ટિકોણ ઉજ્જવળ છે કારણ કે દેશ ચાવીરૂપ ઉત્પાદન માલના વૈશ્વિક વેપારમાં હિસ્સો મેળવવાનું ચાલુ રાખે છે. ભારત હાલમાં પેટ્રોલિયમ ઉત્પાદનોમાં વૈશ્વિક બજારનો ૧૩ ટકા અથવા છઠ્ઠો હિસ્સો ધરાવે છે, જે તેની વધતી જતી રિફાઈનિંગ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરવાની ક્ષમતાને પ્રમાણિત કરે છે. તે એ પણ દર્શાવે છે કે ખાનગી વપરાશ ફરીથી ઘરેલું માંગનું પ્રેરક બની ગયું છે અને તહેવારોના ખર્ચે ત્રીજા ક્વાર્ટરમાં વાસ્તવિક પ્રવૃત્તિને તેજ બનાવી છે. આવી સ્થિતિમાં, રિટેલર્સ બીજા ક્વાર્ટરની તુલનામાં ઝડપી વેચાણ વૃદ્ધિ નોંધાવી રહ્યા છે.

આ દિવાળીમાં ઈ-ટુ-વ્હીલર્સે ધમાલ મચાવી છે, જોકે, એક અલગ પ્રીમિયમાઈઝેશનને વધુ સ્થાન મળ્યું છે અને તે લક્ઝરી કાર સેગમેન્ટમાં છે. તે જ સમયે, દેશભરમાં નવા શહેરો વધી રહ્યા છે અને શહેરી વસ્તી ચાર ગણી વધી રહી છે. ૨૦૨૫ સુધીમાં, ભારતની અડધી આબાદીના ૧૦૦,૦૦૦ થી વધુ થવાની ધારણા છે. HSBC સર્વે મુજબ, શહેરોમાં રહેતા લોકોની સંખ્યામાં વધારો થયો છે, જેના કારણે શહેરી માંગમાં વધારો થયો છે.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ ખાતે વિદ્યાર્થીની બહેનોની રોટલી બનાવવાની સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ તા. ૨

શાળામાં અભ્યાસ કરતી બહેનોમાં અભ્યાસ સાથે રસોઈ બનાવવામાં કુશળતા પ્રાપ્ત થાય તેના ભાગરૂપે આઠ મિનીટમાં કેટલી રોટલી વ્યવસ્થિત અને એક સરખી સાઈઝની બનાવી શકે તેની સ્પર્ધા તા.૩૦-૧૧-૨૨ ના રોજ આયોજન યોજવામાં આવી હતી. જેમાં શાળા તરફથી રોટલી બનાવવા માટેની જરૂરી સામગ્રી પુરી પાડવામાં આવેલ હતી. સ્પર્ધા બાદ તેજ રોટલીને શેકીને ગૌ-માતાને ખવડાવવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧ થી૩ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહીત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ધો.૫ માં અભ્યાસ કરતી રાઠોડ જેન્સી એસ. પ્રથમ, ધો.૮ ની સોઢા રૂતુ એન. દ્વિતીય, ધો.૭ ની વઘાસીયા મિશ્રી આર. તૃતીય અને ધો.૯ની જાદવ જેન્સી એચ. તૃતીય ક્રમે વિજેતા થયેલ હતી. વિજેતા સ્પર્ધકને સ્કુલના શિક્ષકો બુટાણી, રવિ તથા ડોબરીયાના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું એન્કરીંગ ચંદ્રશેખર દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના તમામ શિક્ષક ગણ દ્વારા કરવામાં આવેલ હતું.

### રેલવેએ બનાવ્યો છે ફૂલપ્રૂફ પ્લાન

# કુંભ મેળા ૨૦૨૫માં ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવશે તેવો અંદાજ

## રેલવે કુંભ મેળા માટે ૧,૨૨૫ વિશેષ ટ્રેનો ચલાવશે, જેમાંથી ૮૨૫ નાના રૂટ માટે છે, ૪૦૦ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો છે

પ્રયાગરાજ, તા. ૨

ભારતીય રેલવેએ આવતા વર્ષે કુંભ મેળાની તૈયારી માટે સંપૂર્ણ યોજના તૈયાર કરી લીધી છે. રેલવેના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવતા વર્ષે થનારા મહા કુંભ મેળામાં અંદાજિત ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવશે. આ કાર્યક્રમ ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. આ માટે ૧૪૦ નિયમિત ટ્રેનો સિવાય રેલવે સ્નાનના છ મુખ્ય ધાર્મિક દિવસો દરમિયાન ૧,૨૨૫ વિશેષ ટ્રેનો દોડાવશે.

રેલવેના જણાવ્યા અનુસાર અયોધ્યા અને કાશીની મુલાકાત લેવા ઈચ્છતા તીર્થયાત્રીઓની સુવિધા માટે રેલવેએ પ્રયાગરાજ, પ્રયાગ, અયોધ્યા, વારાણસી, રામબાગ વગેરે જેવા મોટા સ્ટેશનો પર સ્ટોપેજ સાથે ફાસ્ટ રીંગ મેમુ સેવા ચલાવવાની યોજના બનાવી છે. ચિત્રકૂટની મુલાકાત લેવા ઈચ્છતા યાત્રાળુઓ માટે બીજી રીંગ રેલ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ઝાંસી, બાંદા, ચિત્રકૂટ, માણિકપુર, પ્રયાગરાજ, ફતેહપુર, ગોવિંદપુરી અને ઉરઈને આવરી લેશે.

નાના અને લાંબા રૂટ પર કેટલી ટ્રેનો? : આ ૧,૨૨૫ વિશેષ ટ્રેનોમાંથી ૮૨૫ નાના રૂટ માટે છે, જ્યારે ૪૦૦ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો છે. રેલ્વે અનુસાર, આ અર્ધ કુંભ ૨૦૧૯ દરમિયાન દોડતી ટ્રેનોની સંખ્યા કરતાં લગભગ ૧૭૭ ટકા વધુ છે, જ્યારે ૫૩૩ ટૂંકા અંતર અને ૧૬૧ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો દોડાવવામાં આવી હતી. રેલ્વેએ યાત્રાળુઓની મદદ માટે ટોલ ફ્રી નંબર – ૧૮૦૦-૪૧૯૯-૧૩૯ – શરૂ કર્યો છે. કુંભ ૨૦૨૫ મોબાઈલ એપ પણ વિકસાવવામાં આવી રહી છે. તેને 24×7 કોલ સેન્ટર દ્વારા સપોર્ટ કરવામાં આવશે.

રેલવે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરી રહી છે : પ્રવક્તાએ જણાવ્યું હતું કે રેલવે રૂપિયા ૯૩૩.૬૨ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી રહી છે. જેમાં મુસાફરોની સુવિધાઓ વધારવા માટે રૂપિયા ૪૯૪.૯૦ કરોડ અને રોડ ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ માટે રૂપિયા ૪૩૮.૭૨ કરોડનો સમાવેશ થાય છે.

નવી સ્ટેશન બિલ્ડિંગ અને સીસીટીવી સિસ્ટમ સહિત ૭૯ મુસાફરોની સુવિધાઓ પર કામ ચાલી રહ્યું છે. ૪,૦૦૦ મુસાફરોને સમાવી શકે તેવી વધારાની પેસેન્જર રિંગ પ્રયાગરાજ જંકશન પર ઉભી કરવામાં આવશે. સ્ટેશન પર આવા ચાર એક્લોઝર પહેલેથી જ ઉપલબ્ધ છે.

૫૪૨ ટિકિટિંગ પોઈન્ટ ઉપલબ્ધ છે : તમામ સ્ટેશનો તેમજ મેળાના વિસ્તારમાં કુલ ૫૪૨ ટિકિટિંગ પોઈન્ટ આપવામાં આવ્યા છે.

પ્રવક્તાએ કહ્યું કે આ કાઉન્ટર દરરોજ ૯.૭૬ લાખ ટિકિટનું વિતરણ કરી શકે છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ ૬૫૧ વધારાના સીસીટીવી કેમેરા લગાવી રહ્યું છે. આમાંના લગભગ ૧૦૦ કેમેરામાં છૈં-આધારિત ફેસ રેકગ્નિશન સિસ્ટમ હશે. જેથી બદમાશો અને અસામાજિક તત્વોને ઓળખી શકાય.

### DM દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો

# સંભલમાં હવે બહારના લોકો અને જનપ્રતિનિધિઓના પ્રવેશ પર પ્રતિબંધ

સંભલ,તા. ૨

ઉત્તર પ્રદેશના સંભલને હવે એવા 'સંવેદનશીલ વિસ્તારમાં' ફેરવી દેવામાં આવ્યું છે કે અહીં ન તો કોઈ બહારના વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે અને ન તો કોઈ સામાજિક કાર્યકર્તા કે નેતા અહીં જઈ શકશે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પંડિયાએ જાહેરાત કરી છે કે હવે આ પ્રતિબંધ ૧૦ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. એટલે કે મુઘલ કાળમાં બનેલી શાહી જામા મસ્જિદને લઈને શરૂ થયેલા વિવાદે હવે શહેરને તાળા મારી દીધા છે.

ડીએમ રાજેન્દ્ર પંડિયાએ આદેશ આપ્યો છે કે કોઈ પણ વ્યક્તિ સક્ષમ અધિકારીને જાણ કર્યા વિના સંભલમાં પ્રવેશી શકશે નહીં. સંભલ જિલ્લાની સરહદમાં બહારના લોકોના પ્રવેશ પર અગાઉ ૧ ડિસેમ્બર સુધી પ્રતિબંધ હતો, પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને વધુ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે સમાજવાદી પાર્ટીના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ પણ આવવાનું હતું, જેમને તેમના વિસ્તાર અને નિવાસસ્થાને રોકી દેવામાં આવ્યા છે.

સપાના નેતાઓનું પ્રતિનિધિમંડળ જે સંભલ જવાનું હતું તેમાં યુપી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા માતા પ્રસાદ પાંડે પણ સામેલ હતા, જેમણે પૂછ્યું હતું કે 'સરકાર સંભલમાં શું છુપાવવા માંગે છે?' તેણે કહ્યું કે પહેલા તેણે શુક્રવારે જવાની યોજના બનાવી હતી, પરંતુ પ્રશાસને તેને ત્રણ દિવસ રોકાવાનું કહ્યું હતું, અને કહ્યું હતું કે શુક્રવારે શાંતિ ભંગ થવાનો ભય હતો, પરંતુ હવે પણ તેને જવા દેવામાં આવી નથી. માતા પ્રસાદ પાંડેએ કહ્યું કે સંભલની દરેક ગલીમાં પ્રેસના લોકો ફરે છે, એકલા સપાના પ્રતિનિધિમંડળથી શું ખતરો છે? તેમણે કહ્યું કે, હું વિપક્ષનો નેતા છું. હજુ સુધી કોઈ પ્રશાસનિક અધિકારી દ્વારા મને કોઈ નોટિસ આપવામાં આવી નથી.

### સપ્ટેમ્બર મહિનામાં તોડ્યો રેકોર્ડ

# એક જ દિવસમાં ૫ લાખથી વધુ લોકોએ કરી હવાઈ મુસાફરી

નવી દિલ્હી, તા. ૨

ઘરેલુ હવાઈ મુસાફરોની સંખ્યા ૧૭ નવેમ્બરને રવિવારે એક દિવસમાં પ્રથમ વખત પાંચ લાખના આંકને વટાવી ગઈ છે, જે એક નવો રેકોર્ડ છે. આ તહેવારો અને લગ્નની ઉજવણી વચ્ચે મુસાફરીની મજબૂત માંગ છે. ત્યારે એક જ દિવસમાં ૫ લાખથી વધુ લોકોએ હવાઈ મુસાફરી કરી રેકોર્ડ બનાવ્યો થે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સોમવારે સાંજે 'X' પર પોસ્ટ કર્યું હતું કે ભારતીય ઉડ્ડયન ક્ષેત્રે ૧૭ નવેમ્બરના રોજ ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પાર કર્યું હતું, જ્યારે એક જ દિવસમાં ૫,૦૫,૪૧૨ સ્થાનિક મુસાફરોએ પ્રસ્થાન કર્યું હતું. મંત્રાલયના ડેટા અનુસાર, એરલાઈન કંપનીઓએ રવિવારે (૧૭ નવેમ્બર) ૩,૧૭૩ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું હતું અને આ ફ્લાઈટ્સ દ્વારા ૫,૦૫,૪૧૨ મુસાફરોએ મુસાફરી કરી હતી. આ પહેલીવાર છે જ્યારે એક જ દિવસમાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યા પાંચ લાખને પાર કરી ગઈ છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ કહ્યું કે આ આંકડા દર્શાવે છે કે હવાઈ મુસાફરી હવે વધુ લોકોની પહોંચમાં છે. તેમણે કહ્યું કે ઉડે દેશ કા આમ નાગરિક (ઉડાન) જેવી યોજનાઓને કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના ઙ્ગ્છ્ગ્દ્ઘ ઓક્ટોબર ૨૦૧૬ માં શરૂ કરવામાં આવી હતી.

ટ્રાવેલ પ્લેટફોર્મ ક્લિયરટ્રિપના વાઈસ પ્રેસિડેન્ટ (એર કેટેગરી) ગૌરવ પટવારીએ જણાવ્યું હતું કે, "યાત્રીઓની સંખ્યામાં વધારો થવાનું મુખ્ય કારણ તહેવારોની માંગ અને લગ્નની શરૂઆત છે. અમને આશા છે કે શિયાળામાં પણ માંગ મજબૂત રહેશે. જો કે, તાજેતરના સમયમાં, એરલાઈન્સના ઓન-ટાઈમ ડિલિવરી (OTP) રેકોર્ડને વિવિધ કારણોસર અસર થઈ છે. રવિવારે ઈન્ડિગોનો OTP ૭૪.૨ ટકા હતો. આ પછી એલાયન્સ એર પાસે ૭૧ ટકા અને અકાસા એર પાસે ૬૭.૬ ટકા છે. અન્ય એરલાઈન્સમાં સ્પાઈસજેટ અને એર ઈન્ડિયાનો OTP અનુક્રમે ૬૬.૧ ટકા અને ૫૭.૧ ટકા હતો. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને ઓક્ટોબરમાં કહ્યું હતું કે ભારતીય એરલાઈન્સ ૨૭ ઓક્ટોબરથી શરૂ થતી શિયાળાની સિઝનમાં ૧૨૪ એરપોર્ટ પરથી દર અઠવાડિયે ૨૫,૦૦૭ ફ્લાઈટ્સનું સંચાલન કરશે.

### બાંગ્લાદેશનો ભારત પર આરોપ

# તમે લઘુમતીઓના સંરક્ષણની બાબતે બેવડા ધોરણો રાખો છો

## ભારતનું મીડિયા બાંગ્લાદેશ વિષે ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન ચલાવતું હોવાના આરોપ લગાવ્યા

ઢાકા, તા.૨

બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોએ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. ભારતે પણ આ વિષયમાં ચિંતા વ્યક્ત કરી છે. એવામાં ૨૯ નવેમ્બર, શુક્રવારના રોજ બાંગ્લાદેશે 'ભારત લઘુમતી સમુદાયોના રક્ષણ બાબતે 'બેવડા ધોરણો' અનુસરતું હોવાના' અને 'ભારતનું મીડિયા બાંગ્લાદેશ વિશે ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન ચલાવતું હોવાના' આરોપ લગાવી દીધા હતા.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાયદા બાબતોના સલાહકાર આસિફ નઝરુલે એક ફેસબુક પોસ્ટમાં આરોપ લગાવતા લખ્યું હતું કે, 'બાંગ્લાદેશ માટે ભારત 'અયોગ્ય ચિંતા' કરી રહ્યું છે. ભારતમાં લઘુમતી મુસ્લિમ સમુદાય પર ક્રૂરતાની અસંખ્ય ઘટનાઓ બની રહી છે. પરંતુ એનો તેમને કોઈ પસ્તાવો કે શરમ નથી. ભારતનું આ બેવડું ધોરણ નિંદનીય અને વાંધાજનક છે. બાંગ્લાદેશની બહુમતી (૬૪.૧%) માને છે કે વચગાળાની સરકાર અગાઉની અવામી લીગ સરકારની તુલનામાં દેશના લઘુમતી સમુદાયોને વધુ સારી સુરક્ષા પ્રદાન કરવામાં સક્ષમ છે.' તાજેતરમાં બાંગ્લાદેશમાં 'બાંગ્લાદેશ સંમિલિત સનાતની જાગરણ જોટે'ના પ્રવક્તા અને હિંદુ નેતા ચિન્મય કૃષ્ણ દાસ સહિત ૧૯ લોકોની રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ચટ્ટોગ્રામના ન્યૂ માર્કેટ વિસ્તારમાં યોજાયેલી હિંદુ સમુદાયની રેલી દરમિયાન બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. દાસના જામીન પણ નકારી દેવામાં આવ્યા હતા અને તેમને જેલમાં ધકેલી દેવાયા હતા, જેના કારણે તેમના સમર્થકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે બાંગ્લાદેશના પત્રકારોને વિનંતી કરતા કહ્યું હતું કે, 'ભારતનું મીડિયા બાંગ્લાદેશનું 'સત્ય' છુપાવીને તેમને મનફાવે એમ 'ખોટી માહિતી' ફેલાવે છે. તમે એમનો સામનો કરીને આપણું સત્ય આપણી રીતે રજૂ કરો.'

ભૂતપૂર્વ પત્રકાર એવા આલમે જણાવ્યું હતું કે, 'ઘણા બાંગ્લાદેશી પત્રકારોને હવે સમજાયું છે કે ભારતીય મીડિયા બાંગ્લાદેશ વિશે ખોટી માહિતી ફેલાવવાની ઝુંબેશ ચલાવી રહ્યું છે. તેમનો સામનો કરવાનો સમય આવી ગયો છે.'

શફીકુલ આલમે જણાવ્યું હતું કે, 'અમુક લોકોને લાગે છે કે ભારતીયો સ્માર્ટ છે, એવા લોકોને જાણ થાય કે સ્માર્ટ લોકો (ભારતની) પૂર્વ સરહદે પણ રહે છે. થોડા મહિના પહેલા એ જ સ્માર્ટ લોકોએ માનવ ઈતિહાસની 'શ્રેષ્ઠ ક્રાંતિ' કરીને એક 'ક્રૂર સરમુખત્યારશાહી'ને હાંકી કાઢી હતી. જો તમે સત્યના પક્ષે હશો તો ખોટી માહિતી ફેલાવતી કોઈપણ ઝુંબેશ તમને રોકી શકશે નહીં.



પ્રજાનું લોહી પીસે છે તો તને બ્લડપ્રેસર તો રહેશે જ ને?



પ્રજાના પ્રશ્નો કે સંસદની ચર્ચા નથી સાંભળી શકતો, ત્યાં તારી વાત ક્યાંથી સાંભળી શકું?

### યુવાનોમાં જોશ વધારનારી સાહસથી ભરપુર સ્પર્ધા એટલે

# ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા ૫ જાન્યુઆરીએ યોજાશે



જૂનાગઢ તા.૨

યુવાનોમાં જોશ વધારનારી અને સાહસથી ભરપુર સ્પર્ધા એટલે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા છે. છેલ્લા ઘણા વર્ષો થયા જૂનાગઢ ખાતે ભવનાથ ક્ષેત્રમાં આવેલ ગરવા ગિરનાર ખાતે ગિરનાર આરોહણ સ્પર્ધા યોજાઈ છે. પહેલા તબક્કામાં રાજયકક્ષાની અને ત્યાર બાદ બીજા તબકકામાં રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ સ્પર્ધા યોજાઈ છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને ૧થી ૧૦ની શ્રેણીમાં આવનાર વિજેતા સ્પર્ધકો હસતા મુખે ઈનામોનો સ્વીકાર કરે છે. વાતાવરણમાં એક નવો જ ઉમંગ આ તકે પ્રસરી જતો હોય છે.

દર વર્ષે યોજાતી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા આગામી ૫ જાન્યુઆરી-૨૫માં યોજાનાર છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર અને જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનાર સ્પર્ધાને લઈને જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

રાજયનાં ૨૨ જીલ્લામાંથી કુલ ૧૨૮૦ જેટલા સ્પર્ધકોએ ફોર્મ ભર્યા હતા. ચકાસણીનાં અંતે ૧૨૦૭ ફોર્મ માન્ય રહયા હતા. ચાર વિભાગમાં વહેંચાયેલી આગામી સ્પર્ધામાં સિનિયર કેટેગરીમાં ૫૫૮, જુનીયરમાં ૩૬૬ મળી કુલ ૯૨૪ ભાઈઓ અને સિનીયર બહેનોમાં ૧૪૯ અને જૂનીયરમાં ૧૩૪ મળીને ૨૮૩ કુલ રજીસ્ટ્રેશન કરાવેલ છે. આમ ચારેય કેટેગરીનાં મળીને કુલ ૧૨૦૭ સ્પર્ધકો ગિરનારને આંબવા દોટ લગાવશે. જૂનાગઢ ગિરનાર ક્ષેત્રમાં યોજાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા દિવસે દિવસે લોકપ્રિય બની રહી છે અને દુર દુરથી સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લેવા આવે છે અને પોતાનું કૌવત બતાવી વિજેતા બને છે. વિજેતા સ્પર્ધકોને ઈનામોમાં પણ દર વર્ષે વધારો થતો જતો હોય. જેથી સ્પર્ધકનો ભવિષ્યની કેડી કંડારવામાં પણ મદદરૂપ બને છે.

શીયાળાની કડકડતી ઠંડી હોય અને સવારનાં ૭ વાગ્યે ગિરનાર ચડવા દોટ દેવા માટે ત્યારે હર્ષની ચીચીયારી સાથે વાતાવરણ ગુંજી ઉઠે છે. અને એક પછી એક ટુકડી રવાનાં થતી હોય છે. ૫૫૦૦ પગથીયા ચડીને સ્પર્ધક જયારે પરત ફરી રહેલ હોય ત્યારે તો સમગ્ર માહોલ ઉત્સાહમય બની જતો હોય છે. બકઅપ-બકઅપનાં પોકારો વચ્ચે સ્પર્ધક પોતાનાં લક્ષ્યને આંબી જતો હોય છે અને તાળીઓનાં ગડગડાટથી સ્પર્ધકોને જનતા વધાવી લેતી હોય છે. સવારે ૭ વાગ્યે શરૂ થયેલી ગિરનાર આરોહણ સ્પર્ધા બપોર સુધીમાં પુર્ણ થાય છે અને ત્યાર બાદ બપોરના ૩ વાગ્યે વિજેતા સ્પર્ધકોનો ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાઈ છે.

ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવો તે પણ જીવનનો એક અનન્ય લ્હાવો છે.

### રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો પામેલી

## ગિરનાર આરોહણ સ્પર્ધાનાં સ્પર્ધકોને પ્રોત્સાહન આપવા રાજય સરકાર કેન્દ્ર સરકારના મંત્રીઓ કાર્યક્રમમાં કેમ ઉપસ્થીત નથી રહેતા

? જૂનાગઢ તા.૨

જૂનાગઢ ખાતે દર વર્ષે રાજય કક્ષાની અને ત્યાર બાદ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઈ છે. રાજય સરકારનાં સાંસ્કૃતિક વિભાગ અને જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્રનાં સંયુકત ઉપક્રમે આ સ્પર્ધા યોજાઈ છે. યુવા વર્ગ ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લે છે પરંતુ સ્પર્ધાનાં કાર્યક્રમમાં રાજય સરકાર કે કેન્દ્ર સરકારનાં કોઈ મંત્રીઓ સમારોહમાં જોવા મળતા નથી(એકાદ-બે અપવાદરૂપ કાર્યક્રમો બાદ કરતા)એટલું જ નહી કોઈ મોટા ગજાનાં નેતાઓ પણ જોવા મળતા નથી. બસ સ્થાનિક આગેવાનો, તંત્રના પદાધિકારીઓની હાજરીમાં ગિરનાર સ્પર્ધા યોજાઈ જાય અને પુરી પણ થઈ જતી હોય છે અને ઈનામ વિતરણ સમારોહ પણ પુરો થઈ જતો હોય છે. અત્યંત કઠીન મનાતી અને જૂનાગઢનાં આંગણે યોજાતી અને તેમાંય પણ રાજય કક્ષાની અને બાદમાં રાષ્ટ્રીય કક્ષાની યોજાતી ગિરનાર સ્પર્ધા પ્રત્યે જાણે ઉચ્ચ કક્ષાએ કોઈ વળગણ ન હોય તેવું લાગે છે. ખરેખર તો રાજયનાં જુદા જુદા જીલ્લામાંથી આવતા સ્પર્ધકો તેમજ રાષ્ટ્રીય કક્ષાના સ્પર્ધામાં પણ દેશનાં અન્ય રાજયોમાંથી આવતાં સ્પર્ધકો પણ ભાગ લેતા હોય છે ત્યારે ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાને ગિરનારની ઉંચાઈ સુધી પહોંચાડવા માટે તેમજ સ્પર્ધકોને પણ પ્રોત્સાહન આપવા માટે મંત્રીશ્રીઓની હાજરી અનીવાર્ય છે. આગામી ૫ જાન્યુઆરીમાં યોજાનારી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં સરકારના પ્રતિનિધી તરીકે મંત્રીશ્રીઓ ઉપસ્થીત રહી સ્પર્ધકોને પ્રોત્સાહીક કરે તેવી લાગણી પ્રવર્તી રહી છે.

## ગિરનાર પર્વત ઉપર ૭.૪ ડીગ્રી તાપમાન જૂનાગઢ સહીત સોરઠમાં ઠંડી વધી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્રમાં શિયાળાની કાતીલ ઠંડી શરૂ થઈ ચુકી છે અને જેને લઈને જનજીવન પ્રભાવિત બન્યું છે. છેલ્લા ૪૮ કલાક દરમ્યાન જૂનાગઢ સહિત સોરઠમાં ઠંડીનો પારો ચડઉતર રહેવા પામ્યો હતો. ૨૪ કલાકમાં ૧.૧ ડિગ્રી ઠંડી વધતા ભવનાથમાં તાપમાન ૯.૫ ડિગ્રી અને જૂનાગઢમાં ૧૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જેની સાથે ૪.૭ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગમાંથી મળતી વિગત અનુસાર ગઈકાલે રવિવારની સવારે જૂનાગઢમાં લઘુતમ તાપમાન ૧.૧ ડિગ્રી ઘટીને ૧૨.૫ ડિગ્રી થઈ જતાં સમગ્ર શહેરી વિસ્તારમાં વાતાવરણમાં ૭૪ ટકા ભેજ સાથે ગુલાબી ઠંડીનું મોજુ ફરી વળ્યુ હતું.

ભવનાથમાં પારો ગગડીને ૯.૫ ડીગ્રીએ પહોંચી જતા તળેટીમાં વિસ્તારમાં કડકડતી ઠંડી અનુભવાઈ હતી. જ્યારે બપોરે શનિવારની સરખામણીએ મહતમ તાપમાન પણ ઘટીને ૨૮ ટકા ભેજ વચ્ચે ૨૯ ડિગ્રી થઈ જતાં દિવસભર વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. બીજી તરફ ૨૪ કલાકમાં પવનની ઝડપ ૧.૪ કિમીની ઝડપે વધીને રવિવારે ૪.૭ કિલોમીટરની ઝડપે ફૂંકાતા ઠંડીની અસર બેવડાઈ હતી. અત્રે ઉલેખનીય છે કે, જૂનાગઢ શહેર કરતા ભવનાથ વિસ્તારમાં જંગલ વિસ્તાર હોવાથી ઠંડીનુ પ્રમાણ વધારે અનુભવાય છે. દરમ્યાન ગિરનાર ઉપર આજે બીજા દિવસે ૭.૪ ડીગ્રી ઠંડી રહેતા પ્રવાસીઓ સહીત લોકો ઠંડીથી ઠુઠવાઈ ગયા હતાં.

જયારે ભવનાથમાં૯.૪ ડીગ્રી ઠંડી રહી હતી. રવિવારની સવારે જૂનાગઢમાં લઘુતમ તાપમન ૧૨.૫ડીગ્રી રહયા બાદ આજે સવારે વાતાવરણમાં ૭૨ ટકા ભેજ સાથે લઘુતમ તાપમાન ૧૨.૪ ડીગ્રી નોંધાયુંહતું.

## જૂનાગઢમાં ગૌશાળાના લાભાર્થે આજથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો શુભારંભ

### ડો. મહાદેવપ્રસાદ મહેતાનાં વ્યાસપીઠે આજથી શરૂ થયેલ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ભાવિકોને અનુરોધ




જૂનાગઢ તા. ૨

ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત પૂ. મહેશગીરી બાપુનાં વડપણ હેઠળ અને સમગ્ર જૂનાગઢ નગર દ્વારા ગૌશાળાનાં લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આજ તા. ૨-૧૨-૨૪ માગસર સુદ-૧ સોમવારથી કથાનો પ્રારંભ કરવામાં આવી રહયો છે અને માગસર સુદ-૭ રવિવાર તા. ૮-૧૨-૨૪નાં કથા વિરામ થશે. કથાનું સ્થળ ભુતનાથ મહાદેવ મંદિર છે. જયારે કથાનો સમય ૩.૩૦ થી ૬.૩૦ દરમ્યાન રહેશે. કથાનાં વકતા તરીકે ડો. મહાદેવપ્રસાદ મહેતા પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવશે. શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં કાર્યક્રમમાં વિવિધ પ્રસંગો પણ યોજાશે આજે બપોરે ૧ કલાકે જાગનાથ મંદિર થી ભુતનાથ મહાદેવ મંદિર સુધી પોથીયાત્રા યોજાઈ હતી. જયારે આવતીકાલે તા. ૩-૧૨-૨૪ કપીલ પ્રાગટય, તા. ૪-૧૨-૨૪ નૃસિંહ પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ વામન પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ શ્રી રામ પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ શ્રીકૃષ્ણ પ્રાગટય, તા. ૬-૧૨-૨૪ શ્રીગોવર્ધનનાથ પુજા, તા. ૭-૧૨-૨૪ કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, તા. ૮-૧૨-૨૪ શ્રી સુદામા ચરીત્ર, અને બપોરે ૩ કલાકે આ જ દિવસો કથા વિરામ થશે. જયારે તા. ૮-૧૨-૨૪નાં બપોરે ૧૨.૩૯ કલાકે ગૌશાળાનું ખાતમુહુર્ત કરવામાં આવશે. શ્રી ભુતનાથ મહાદેવનાં સાંનિધ્યમાં જૂનાગઢ નગરનાં યજમાન પદે અને ગૌશાળાનાં લાભાર્થે યોજાનારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે મહંત પૂ. મહેશગીરી બાપુનાં માર્ગદર્શક હેઠળ સેવક ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## સાસણના ભાલછેલ પાસે જીપ્સી ચાલકને માર મારી બંદુક બતાવી રૂા. ૧૧,૦૦૦ની રોકડ, સોનાનાં ચેનની લૂંટ કરનાર આરોપીની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ અને સોરઠ પંથકના મહત્વના એવા ફરવા લાયક સ્થળ કે જયાં દેશભરના પ્રવાસી જનતાનો સતત ધસારો રહે છે તેવા સાસણ પાસે જીપ્સી ચાલકને માર મારી બંદુક બતાવી સાંગોદ્રા ગામનાં ૨ સહિત ૬ શખ્સે રૂા. ૧૧,૦૦૦ની રોકડ, સોનાનાં ચેનની લૂંટ ચલાવીને નાસી ગયાની ફરિયાદ થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તાલાલા તાલુકાના સાંગોદ્રા ગામના ૩૭ વર્ષીય અલ્પેશભાઈ લાધાભાઈ હરણેસા તાલાલા ખાતે વન વિભાગ હેઠળ પ્રવાસીઓ માટે જીપ્સીનાં ફેરા કરી ગુજરાન ચલાવે છે. જીપ્સી ચાલક અલ્પેશભાઈને તેના જ ગામના નાઝીમ હબીબ સોઢા સાથે છેલ્લા દોઢ મહિનાથી નાની મોટી બાબતોને લઈ માથાકૂટ ચાલતી હતી. દરમિયાન યુવક જીપ્સીનો ફેરો કરી તાલાલાથી જીપ્સી હંકારીને પોતાના ગામ તરફ જઈ રહ્યો હતો તે વખતે સાસણ તાલાલા રોડ ઉપર ભોજદે ગામ જવાના કાચા રસ્તા પાસે જીપ્સી સાથે રોકી નાજીમ હબીબભાઈ સોઢા (રે. સાંગોદ્રા), અસ્લમ ગાઈડ (રે. સાસણ), અલી શરીફભાઈ કોરેજા (રે.સાંગોદ્રા) અને ૩ અજાણ્યા શખ્સે ઉભો રાખી અગાઉની માથાકૂટનો ખાર રાખી નાજીમ સોઢાએ લોખંડના પાઈપ વડે જમણા પગ તથા બન્ને હાથમાં માર મારી ફેક્ચર કરી ગોળી મારી દઈશ તેમ કહી બંદુક (પિસ્તોલ) જેવુ હથીયાર બતાવી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ અલ્પેશના ખિસ્સામાંથી રૂા. ૧૧,૦૦૦ની રોકડ અને દોઢ તોલા સોનાનાં ચેનની લૂંટ ચલાવી તમામ શખ્સ માર મારી નાસી ગયા હતા.

આ ઘટના અંગે મેંદરડાના ઈન્ચાર્જ મહિલા પીઆઈ એસ. એન. સોનારાએ ફરિયાદ લઈ ૬ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સાંગોદ્રા ગામના જીપ્સી ચાલક અલ્પેશ લાધાભાઈ હરણેસાને માર મારી બંદૂક બતાવી રૂપિયા ૧૧,૦૦૦ની રોકડ અને સોનાના ચેનની લૂંટના ગુનાના તપાસનીશ ઈન્ચાર્જ મહિલા પીઆઈ એસ. એન. સોનારાએ જણાવ્યું હતું કે, ગણતરીની કલાકોમાં ૨૬ વર્ષીય અસ્લમ અનવરભાઈ ભટ્ટી રહે. સાસણ નદી કાંઠે, તા. મેંદરડાને પકડી લઈ અન્ય આરોપીઓને ઝડપી લેવા માટે જુદી જુદી ટીમ બનાવી ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ અંગે ઈન્ચાર્જ પીઆઈ એસ.એન. સોનારાએ જણાવ્યું હતું કે, સાંગોદ્રા ગામનાં જીપ્સી ડ્રાઈવર અલ્પેશભાઈ લાધાભાઈ હરણેસાએ તેના ગામના ૨ સહિત ૬ શખ્સ વિરુદ્ધ માર મારી બંદૂક બતાવી રૂપિયા ૧૧,૦૦૦ની રોકડ અને સોનાના ચેનની લૂંટ ચલાવી હોવાની નોંધાવેલી ફરિયાદ અંગે જુદી જુદી દિશામાં તપાસ ચાલી રહી છે. આરોપીઓ સુધી પહોંચવા સીસીટીવી કેમેરાના ફૂટેજ, હ્યુમન સોર્સીસની મદદ લઈ ઘટનામાં કેટલા શખ્સ સંડોવાયા છે? તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચોબારીનાં શખ્સ પાસેથી લગ્નમાં પહેરવો છે તેમ કહી રૂા. ૯.૫૦ લાખનો ૧૫ તોલાનો સોનાનો ચેન માંગી અને પરત નહી કરવા અંગે વિશ્વાસઘાતની પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨

જૂનાગઢ તાલુકાનાં ચોબારી ગામનાં એક શખ્સ પાસેથી લગ્નમાં પહેરવાનું કહી ૧૫ તોલાનો રૂા. ૯.૫૦ લાખનો ચેન માંગી અને ત્યારબાદ આ જ સોનાનો ચેન અન્ય કોઈ જગ્યાએ ગીરવે મુકી અને સોનાનો ચેન પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી હકીકત અનુસાર ચોબારી ગામના મહમદ યુસુફ ઉર્ફે જાવીદ હનીફભાઈ હાલા ગામેતી (ઉ.વ. ૩૫)એ ફીરોજ ઉર્ફે લાલો કાસમભાઈ હાલા રહે. હાલ રાજકોટ મુળ રહે. ચોબારીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના આરોપીએ ફરીયાદીનો સોનાનો ચેન આશરે ૧૫ તોલા વજનનો જેની કિંમત આશરે રૂા. ૯,૫૦,૦૦૦ નો ગણી શકાય તે સોનાનો ચેન ફરીયાદી પાસેથી લગ્નમાં પહેરવાનું કહી લઈ જઈ ત્યારબાદ આ સોનાનો ચેન આરોપીઓએ કોઈ જગ્યાએ ગીરવે મુકી ફરીયાદીને સોનાનો ચેન પરત નહી આપી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી સામે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસમાં નોંધાવતાં પોલીસે બીએનએસ ક. ૩૧૬ (૩), ૩૧૮ (૩), ૩૫૧ (૪) મુજબ ગુનો નોંધી વધુ તપાસ એ ડીવીઝનનાં પીએસઆઈ વાય.એન. સોલંકી ચલાવી રહયા છે.

## જૂનાગઢમાંથી ૩૩ બોટલ વિદેશી દારૂ ઝડપાયો : બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨ : જૂનાગઢનાં ઉપરકોટ ફુલીયા હનુમાન પાસે રહેતા જયેશ ઉર્ફે ઈલુ અશોકભાઈ ગાંગડીયા કોળી (ઉ.વ. ૩૨) એ હાજર નહી મળી આવેલ ભરત ઉર્ફે મચ્છર ચંદુભાઈ ચાવડા રહે. ગોધાવાવની પાટીવાળા પાસેથી ગેરકાયદેસર ભારતીય બનાવટનાં વિદેશી દારૂનો જથ્થો મેળવી અને પોતાના કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાને તથા મોટર સાયકલમાં રાખેલ દરમ્યાન ચોકકસ બાતમીનાં આધારે પોલીસે કરેલી રેડમાં મોટી બોટલ નંગ ૩૩ કિં રૂા. ૮૦૬૧ તથા મોટર સાયકલ કિં. ૫૦૦૦૦ મળી કુલ રૂા. ૫૮૦૬૧નાં મુદામાલ સાથે આરોપીને જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધેલ છે. અને બંને આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ વાય.એન. સોલંકી ચલાવી રહયા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૯૨

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

